અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ જાન્યુઆરી ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ સુદ સાતમ | અંક : ૧૬૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### ઇરાકના એરબિલમાં અમેરિકન દૂતાવાસ પાસે અનેક વિસ્ફોટ, ચારનાં મોત



। (એજન્સી) એરબિલ, તા.૧૬ ।

ઈરાકના એરબિલમાં અમેરિકન દૂતાવાસ પાસે અનેક વિસ્ફોટ થયા છે. ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીએસ)એ આ હુમલાની જવાબદારી લીધી છે. આઈઆરજીએસએ કહ્યું હતંઅ કે તેમણે બેલેસ્ટિક મિસાઈલો વડે પ્રદેશના કેટલાક ભાગોમાં જાસૂસી હેડક્વાર્ટર અને ઈરાની વિરોધી આતંકવાદી જૂથોને નિશાન બનાવી રહ્યું છે. સ્થાનિક સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર આ હુમલામાં ચાર લોકોના મોત થયા છે. આજે વહેલી સવારે ઈરાકના એરબિલમાં અમેરિકન દૂતાવાસ નજીક એક પછી એક અનેક વિસ્ફોટ થયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર ગઠબંધન સેનાએ ઈરાકના એરબિલ એરપોર્ટ નજીક ત્રણ ડ્રોનને તોડી પાડ્યા હતા.

### લોકસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસના નેતાની સલાહ

# ૨૦૨૪માં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊભરીને આવશે: શશી થરૂર

### ગઠબંધનના દળોને વહેલી તકે શક્ય હોય તેટલા રાજ્યોમાં બેઠકોની વહેંચણી કરી લેવાની સલાહ આપી

। નવી દિલ્હી, તા.૧૬ ।

કર્ણાટકમાં મલ્લિકાર્જુન ખડગે સહિત કેટલાક દિગ્ગજ નેતા ચૂંટણી લડશે નહીં તેમ એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. કોંગ્રેસી સાંસદ શશી થરૂરે આગાહી કરી છે કે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવશે. થરૂરે એવો પણ મત વ્યક્ત કર્યો હતો કે ભાજપની બેઠકોને નોંધપાત્ર સંખ્યામાં મર્યાદિત રાખીને અને તેના સાથી દળોને એનડીએથી દૂર કરીને ભાજપને એકલો પાડીને કેન્દ્રમાં સત્તાથી વંચિત રાખી શકાય છે. થરૂરે ગઠબંધનના દળોને વહેલી તકે શક્ય હોય તેટલા રાજ્યોમાં બેઠકોની વહેંચણી કરી લેવાની સલાહ આપી છે.૮૧ વર્ષના મલ્લિકાર્જુન ખડગે અને એચ ડી દેવેગોડા બંને ૨૦૧૯માં લોકસભા ચૂંટણી હારી ગયા હતાં. ખડગે કાલાબુરગી અને દેવેગોડા તુમાકુરુ બેઠક પરથી હારી ગયા હતાં. ત્યારબાદ આ બંને નેતાઓને રાજ્યસભામાં મોકલવામાં આવ્યા હતાં. હવે બંને નેતાઓએ વધતી ઉંમરનું કારણ દર્શાવીને ચૂંટણી લડવાનો ઈનકાર કર્યો છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં ભાજપ નેતા યેદિયુરપ્પાએ પણ રાજકારણમાંથી સન્યાસ લેવાની જાહેરાત કરી હતી.



**ભાજપને પડકાર આપવા કોંગ્રેસ અને અન્ય ૨૭ વિરોધી પક્ષોએ ગઠબંધન રચ્યું**

ભાજપની આગેવાની હેઠળના એનડીએની ૨૦૧૯ લોકસભામાં ૩૦૩ બેઠકો હતી અને હવે આગામી ચૂંટણીમાં ૪૦૦થી વધુ બેઠકો જીતવાનું તેનું લક્ષ્યાંક છે. ભાજપને પડકાર આપવા કોંગ્રેસ અને અન્ય ૨૭ વિરોધી પક્ષોએ ગઠબંધન રચ્યું છે. થરૂરે સલાહ આપી છે કે ગઠબંધન પૂરતા રાજ્યોમાં બેઠકોની વહેંચણી કરે તો કેટલીક બેઠકો પરના પરાજય નિવારી શકાય. કેટલીક બેઠકોમાં વધુ મતભેદો હોય તો કદાચ ભાજપના ઉમેદવાર જીતી શકે પણ એનું જ નામ તો લોકશાહી છે. થરૂર કબૂલ કરે છે કે કેરળમાં સીપીઆઈ(એમ) અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણી શક્ય નથી. જો કે તમિલ નાડુમાં સીપીઆઈ, સીપીઆઈ(એમ), કોંગ્રેસ અને ડીએમકે વચ્ચે ગઠબંધન છે અને શક્ય છે કે તેઓ આ ચૂંટણી પણ સાથે મળીને લડે.આઈએનડીઆઈ ગઠબંધનના દળો વચ્ચે અનેક રાજ્યોમાં બેઠકોની વહેંચણી બાબતે વાટાઘાટ ચાલી રહી છે પણ રાજકીય હરિફાઈને કારણે સહમતિ નથી બની રહી. બંગાળમાં મમતા બેનર્જીનો દાવો છે કે માત્ર તેનો પક્ષ જ ભાજપને હરાવી શકે, જ્યારે કોંગ્રેસી નેતા અધિર રંજન ચૌધરીએ દાવો કર્યો છે તે મમતાએ કોંગ્રેસને માત્ર બે જ બેઠકોની ઓફર કરી છે.

### દિલ્હી સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં કડકડતી ઠંડી

# ૪-૫ દિવસ ઉત્તર ભારતમાં ખૂબ ગાઢ ધુમ્મસ રહેવાની શક્યતા

### હવામાનની સ્થિતિને ખરાબ હોવાને કારણે તેમજ વિઝિબલિટી ઓછી હોવાને કારણે દિલ્હી એરપોર્ટ પરથી ઉપડતી લગભગ ૩૦ ફ્લાઇટ્સ મોડી પડી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

રાજધાની દિલ્હી સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં કડકડતી ઠંડી પડી રહી છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)ના જણાવ્યા અનુસાર, આગામી ૪-૫ દિવસ દરમિયાન ઉત્તર ભારતમાં ખૂબ ગાઢ ધુમ્મસ રહેવાની શક્યતા છે. આ વચ્ચે દિલ્હી એરપોર્ટ પર ગાઢ ધુમ્મસની સ્થિતિ વચ્ચે એક એડવાઈઝરી જારી કરીને મુસાફરોને મુસાફરી કરતા પહેલા એરલાઈન્સનો સંપર્ક કરવાની સલાહ આપી હતી.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હી ઉપરાંત ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ અને રાજસ્થાનમાં આજે સવારે ગાઢ ધુમ્મસની સાથે પશ્ચિમ-ઉત્તર દિશામાંથી ઠંડા પવનો પણ ફૂંકાયા હતા. જેના કારણે આ રાજ્યોમાં ઠંડીનું પ્રમાણ વધી ગયું છે. આજે દિલ્હીમાં ખરાબ હવામાનને કારણે ઘણી ફ્લાઈટ્સ મોડી થવાને કારણે મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આજે પણ દિલ્હી સહિત ઘણા રાજ્યોમાં હાડ થીજવતી ઠંડીના કારણે, લોકો પોતાને ગરમ રાખવા માટે તાપણા પાસે બેઠેલા જોવા મળી રહ્યા છે. આજે પણ હવામાનની સ્થિતિને ખરાબ હોવાને કારણે



તેમજ વિઝિબલિટી ઓછી હોવાને કારણે દિલ્હી એરપોર્ટ પરથી ઉપડતી લગભગ ૩૦ ફ્લાઈટ્સ મોડી પડી છે અને ૧૭ ફ્લાઈટ્સને રદ કરવામાં આવી છે. આ ઉપરાંત કેટલીક ટ્રેનો પણ મોડી ચાલી રહી છે. આ સાથે સિક્કિમ, આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં હળવો વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. તેમજ ઓડિશા, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને કેરળમાં પણ વરસાદની સંભાવના છે જ્યારે હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને બિહાર ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં પણ ઠંડીનું જોર યથાવત રહેશે. આ સિવાય જમ્મુ વિભાગ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ઝારખંડ, ઓડિશા, આસામ અને મેઘાલય અને નાગાલેન્ડના અલગ-અલગ વિસ્તારોમાં સવારે ગાઢ ધુમ્મસ રહેશે.

### ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૪ના ત્રીજા દિવસે એક મોટો અપસેટ

## સુમિત નાગલે ઓસ્ટ્રેલિયન ઓપનના બીજા રાઉન્ડમાં પહોંચનારો પાંચમો ભારતીય



। (એજન્સી) સિડની, તા.૧૬ ।

ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૪ના ત્રીજા દિવસે એક મોટો અપસેટ સર્જાયો હતો. ભારતીય ટેનિસ ખેલાડી સુમિત નાગલે વિશ્વના ૨૭માં નંબરના કઝાકિસ્તાનના એલેકઝાન્ડર બુબ્લિકને ૬-૪, ૬-૨, ૭-૬થી હરાવીને પ્રથમ વખત ઓસ્ટ્રેલિયન ઓપનના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. સુમિત નાગલ તેના ટેનિસ કરિયરમાં બીજી વખત કોઈ ગ્રાન્ડ સ્લેમના બીજા રાઉન્ડમાં પહોંચ્યો છે. સુમિત રમેશ કૃષ્ણન પછી ગ્રાન્ડ સ્લેમમાં ક્રમાંકિત ખેલાડીને હરાવનાર પ્રથમ ભારતીય બન્યો છે. વર્ષ ૧૯૮૮ના ઓસ્ટ્રેલિયન ઓપનમાં રમેશ કૃષ્ણને મેટ વિલેંડરને હરાવ્યો હતો. હવે ૩૫ વર્ષ બાદ સુમિત નાગલે ગ્રાન્ડ સ્લેમ મેન્સ સિંગલ્સમાં કોઈ ક્રમાંકિત ખેલાડીને હરાવનાર પ્રથમ ભારતીય બની ગયો છે. સુમિત નાગલની જીત ભારતીય ટેનિસ માટે એક ઐતિહાસિક ક્ષણ છે. તે ઓસ્ટ્રેલિયન ઓપન સિંગલ્સના બીજા રાઉન્ડમાં પહોંચનાર પાંચમો ભારતીય પુરુષ ખેલાડી બની ગયો છે. આ જીત તેના આત્મવિશ્વાસમાં ચોક્કસપણે વધારો કરશે.

# વિમાનના મુસાફરોની અસુવિધા ટાળવા એરપોર્ટ પર વોર રૂમ બનાવાશે

### એરક્રાફ્ટમાં વિલંબ અને મુસાફરોની સુવિધા માટે જારી નવી એસપીઓ બહાર પાડવામાં આવી, તમામ ૬ મેટ્રો એરપોર્ટ માટે દરરોજ ત્રણ વખત ઘટનાની રિપોર્ટિંગ માંગવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ઉડ્ડયન પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ મંગળવારે નજીકના ભવિષ્યમાં મુસાફરોની મુશ્કેલ પરિસ્થિતિને ઓછી કરવા માટે એરલાઈન્સને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસપીઓ) જારી કરી હતી. અગાઉ, સિંધિયાએ કહ્યું હતું કે હવામાનને કારણે ફ્લાઈટ રદ અને વિલંબને પગલે અસુવિધા ઘટાડવા માટે ડીજીસીએએરલાઈન્સ માટે વધુ સારા સંચાર અને મુસાફરોની સુવિધા માટે એક એસપીઓજારી કરશે. દિલ્હીમાં ગાઢ ધુમ્મસની સ્થિતિ વચ્ચે, એરલાઈન્સને તેમની ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવા અથવા વિલંબિત કરવાની ફરજ પડી રહી છે. આના કારણે મુસાફરોને ભારે મુશ્કેલી પડી રહી છે, જેને ધ્યાનમાં રાખીને



ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ મંગળવારે એરલાઈન્સને 'નજીકના ભવિષ્યમાં પરિસ્થિતિને હળવી કરવા' માટે માનક ઓપરેટિંગ પ્રક્રિયા જારી કરી હતી. સિંધિયાએ લોકોને ખાતરી પણ આપી હતી કે ધુમ્મસ સંબંધિત અસરને ઘટાડવા માટે તમામ હિતધારકો ૨૪ કલાક કામ કરી રહ્યા છે.જ્યોતિરાદિત્ય સિંધિયાએ સોશિયલ મીડિયા એકાઉન્ટ 'એક્સ' (અગાઉનું ટ્વિટર) પર પોસ્ટ કર્યું અને લખ્યું, 'ધુમ્મસના કારણે થતા વિક્ષેપોને ધ્યાનમાં રાખીને અને મુસાફરોની અસુવિધા ઘટાડવા માટે, ગઈકાલે તમામ એરલાઈન્સને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસપીઓ) જારી કરવામાં આવી હતી.'

**એસપીઓમાં શું છે?**

તમામ ૬ મેટ્રો એરપોર્ટ માટે દરરોજ ત્રણ વખત ઘટનાની રિપોર્ટિંગ માંગવામાં આવી છે. એસપીઓએને સીએઆરનું નિયમિતપણે નિરીક્ષણ અને રિપોર્ટ કરવામાં આવશે.એરપોર્ટ પર 'વોર રૂમ' બનાવવામાં આવશે. ૬ મેટ્રો એરપોર્ટ પર એરલાઈન ઓપરેટરોને મુસાફરોની અસુવિધા અંગેની કોઈપણ સમસ્યાના તાત્કાલિક ઉકેલવા માટે કહેવામાં આવ્યું છે. સીઆએસએફની ઉપલબ્ધતા ૨૪ કલાક સુનિશ્ચિત કરવામાં આવશે.આરડબલ્યુવાય ૧૦/૨૮ને દિલ્હી એરપોર્ટ પર સીએટી III તરીકે રિ-કાર્પેટિંગ પછી પણ ચલાવવામાં આવશે. અગાઉ, સિંધિયાએ કહ્યું હતું કે 'ગઈકાલે, દિલ્હીમાં ધુમ્મસ અને દશ્યતાના અભાવને ધ્યાનમાં રાખીને, અધિકારીઓને થોડા સમય માટે કેટ III રનવે પર કામગીરી રોકવાની ફરજ પડી હતી. આ નિર્ણય મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હતો, જે ઉડ્ડયન ઈકોસિસ્ટમમાં દરેક માટે ટોચની પ્રાથમિકતા રહે છે.'તેમણે વધુમાં જણાવ્યું હતું કે હવામાનને કારણે ફ્લાઈટ કેન્સલેશન અને વિલંબને ધ્યાનમાં રાખીને મુસાફરોની અસુવિધા ઘટાડવા માટે ડીજીસીએવધુ સારા સંચાર અને મુસાફરોની સુવિધા માટે એરલાઈન્સ માટે એક એસપીઓજારી કરશે.

# દ. કોરિયાને બંધારણમાં દુશ્મન નંબર વન તરીકે નોંધો: કિમ જોંગ

। (એજન્સી) પ્યોંગયાંગ, તા.૧૬ ।

ઉત્તર કોરિયાએ પીપલ્સ એસેમ્બલીના ૧૦માં સંસદીય સત્રમાં દક્ષિણ કોરિયા સાથે સંબંધો જાળવી રાખતી એજન્સીઓને નાબૂદ કરવાનો નિર્ણય લીધો છે. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ-ઉનનું કહેવું છે કે દક્ષિણ કોરિયાને બંધારણમાં દુશ્મન નંબર વન તરીકે નોંધવામાં આવે. સોમવારે પ્યોંગયાંગમાં આયોજિત ૧૪મી સુપ્રીમ પીપલ્સ એસેમ્બલી (એસપીએ)ના ૧૦માં સત્ર દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગયા અઠવાડિયે ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ-ઉને દક્ષિણ કોરિયાને પ્યોંગયાંગનો મુખ્ય દુશ્મન ગણાવ્યો હતો. ઉત્તર કોરિયાએ જે એજન્સીઓ સાથે સંબંધો ખતમ કરવાનો નિર્ણય લીધો છે તેમાં ફાધરલેન્ડના શાંતિપૂર્ણ પુનઃ એકીકરણ માટેની રાષ્ટ્રીય સમિતિ, રાષ્ટ્રીય આર્થિક સહકારની જવાબદારી સંભાળતી એજન્સી અને માઉન્ટ કુમગાંગ ટ્રાવેલ પ્રોજેક્ટનું સંચાલન કરતી એજન્સીનો સમાવેશ થાય છે. ઉત્તર કોરિયા એવી એજન્સીઓને ખતમ કરશે જે ફક્ત આંતર-કોરિયન સંવાદ અને સહકારને પ્રોત્સાહન આપવા માટે અસ્તિત્વમાં છે.

### તમામ નિફ્ટી ઇન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયા

# સેન્સેક્સમાં ૧૯૯ અને નિફ્ટીમાં ૬૯ પોઇન્ટનો ઘટાડો

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

શેરબજારનો કારોબાર મંગળવારે નબળાઈ સાથે સમાપ્ત થયો. બીએસઈસેન્સેક્સ ૧૯૯ પોઈન્ટ ઘટીને ૭૩,૧૨૮ ના સ્તરે બંધ થયો જ્યારે નિફ્ટી ૬૯ પોઈન્ટ ઘટીને ૨૨૦૨૮ ના સ્તર પર બંધ થયો. મંગળવારે શેરબજારમાં ટ્રેડિંગની શરૂઆત લાલ રંગમાં થઈ હતી, જ્યારે તેનો અંત પણ લાલ રંગમાં જ થયો હતો. મંગળવારે શેરબજારના ટ્રેડિંગ દરમિયાન, ટાટા સ્ટીલના શેર ૧.૬૬ ટકાના વધારા સાથે બંધ થયા જ્યારે ટાઈટનના શેર ૧.૫૩ ટકાના વધારા સાથે બંધ થયા. એચસીએલટેક અને વિપ્રોના શેરમાં લગભગ બે ટકાની નબળાઈ નોંધાઈ છે. મંગળવારે તમામ નિફ્ટી ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયા હતા. નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ હતી. જો શેરબજારમાં ઉછાળો નોંધાતા શેરોની વાત કરીએ તો તેમાં ટાઈટન, આઈટીસી, ટાટા સ્ટીલ અને મારુતિ સુઝુકીના શેરનો સમાવેશ થાય છે, જ્યારે જે કંપનીઓને નુકસાન થયું છે તેમાં એચસીએલટેક, વિપ્રો, એનટીપીસીઅને આરઆએલના શેરનો સમાવેશ થાય છે. શેરબજારનો કારોબાર મંગળવારે નબળાઈ સાથે સમાપ્ત થયો.



## ઉપલેટાના ધારાસભ્યની કારનો લીંબડી પાસે અકસ્માત

। (એજન્સી) રાજકોટ, તા.૧૬ ।

ઉપલેટાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયાની કારને લીંબડી પાસે અકસ્માત નડ્યો છે. ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા અને રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રી રવિભાઈ માકડીયા રાજકોટથી ગાંધીનગર જઈ રહ્યા હતા. આ દરમિયાન લીંબડી પાસે મૃત ભેંસ સાથે કાર ધડાકાભેર અથડાઈ હતી. જેના કારણે આખી કાર પલટી ગઈ હતી. અકસ્માતના પગલે કારમમાં સવાર ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા અને રાજકોટ જિલ્લા ભાજપ મંત્રી રવિભાઈ માકડીયાને સામાન્ય ઈજા પહોંચી હોવાના પ્રાથમિક સમાચાર મળી રહ્યા છે. મળતી માહિતી પ્રમાણે, ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા અને રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રી રવિભાઈ માકડીયા રાજકોટથી ગાંધીનગર જઈ રહ્યા હતા. આ દરમિયાન તેમની કારનો રસ્તામાં પડેલી મૃત ભેંસ સાથે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર પલટી જવાની સાથે ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા અને જિલ્લા ભાજપ મહામંત્રી રવિભાઈ માકડીયાને સામાન્ય ઈજા પહોંચી હતી. આ અકસ્માતને પગલે પોલીસની ટીમ પણ ત્યાં હાજર રહી હતી.

### વડોદરામાં જાગૃત નાગરિકે પોલીસની ખોલી પોલ

## શી ટીમની વાનમાં દારૂની મેહફીલ માણતા ત્રણ ઝડપાયા

**પોલીસે આ અંગેની જાણ થતાની સાથે સી ટીમ માટે ફાળવેલી વાનને તાત્કાલિક પોલીસ સ્ટેશનને બોલાવાઈ હતી**

। (એજન્સી) વડોદરા, તા.૧૬ ।

શહેરમાં પોલીસ કર્મચારીઓએ જ દારૂબંધીના લીરેલીરા ઉડાવ્યા છે. શહેરના મુજમહુડા વિસ્તારમાં શી ટીમની પોલીસ વેનમાં શરાબની મેહફીલ ચાલી રહી હતી. એક જાગૃત નાગરિક દ્વારા પોલીસ વાનમાં દારૂની મહેફીલની જાણ કરાઈ હતી. આ કેસમાં જમાદાર સહિત ત્રણ લોકો રંગે હાથ ઝડપાઈ ગયા હતા. આ મહેફીલ માણતા કોન્સ્ટેબલ નવદીપસિંહ સરવૈયા, માલવ કહાર અને સાકિર મણિયારની અટકાયત કરવામાં આવી છે. પોલીસને એક જાગૃત નાગરિક દ્વારા દારૂની મહેફિલ અંગે જાણ કરાઈ હતી. તેમણે જણાવ્યુ હતુ કે, મુજમહુડા હનુમાનજી મંદિર પાસે એક પોલીસ વાનમાં દારૂની મહેફિલ ચાલી છે. વાનના નંબરને આધારે તપાસ કરતા આ વાન જેપી રોડ સી ટીમ માટે ફાળવવામાં આવી હોવાની વિગતો જાણવા મળી હતી. પોલીસે આ અંગેની જાણ થતાની સાથે સી ટીમ માટે ફાળવેલી વાનને તાત્કાલિક પોલીસ સ્ટેશનને બોલાવાઈ હતી. જેથી અંદર બેઠેલા જમાદાર હેડ કોન્સ્ટેબલ નવદીપ સિંહ દશરથસિંહ સરવૈયા તેમજ તેની સાથે માનવ પુરુષોત્તમ કહાર (ફતેપુરા,ભોઈવાડા) અને સાકીર કાદરભાઈ મણિયાર (આરીફ નગર, તાંદલજા) ની તપાસ કરતા ત્રણેય જણા પીધેલી હાલતમાં હોવાનું સામે આવ્યુ હતુ. જેથી તેઓની સામે ગુનો નોધીને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વડોદરામાં ગત ડિસેમ્બરમાં પણ દારૂની મહેફિલ ઝડપાઈ હતી. વડોદરાના પાદરામાંથી મોડી રાતે દારૂની મહેફિલ પકડી પાડવામાં આવી છે. પાદરા તાલુકાના સાધી ગામે પોલીસે શરાબની મેહફીલ માણતા શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. આ મહેફિલમાં ૧૩ દારૂડિયાઓને પોલીસે નશાની હાલતમાં દબોચ્યા હતા. આ મહેફિલમાં ૧૩ દારૂડિયાઓને પોલીસે નશાની હાલતમાં દબોચ્યા હતા.

### હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત

## સૌરાષ્ટ્ર ખાતે બે લોકોએ હાર્ટ એટેક આવતા જીવ ગુમાવ્યો

**યુવાનોના હૃદય સતત નબળા પડી રહ્યા છે, એક ચોંકાવનારો અહેવાલ જણાવે છે કે આજે લોકો જે પ્રકારની જીવનશૈલી જીવી રહ્યા છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

રાજ્યમાં નાની ઉંમરે હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત છે. સૌરાષ્ટ્રમાં વધુ બે લોકોના હાર્ટ એટેકથી મોત થયા છે. જેમાં પ્રથમ ઘટના બોટાદમાં બની છે. બોટાદની ખાનગી હોસ્પિટલનાં મેડિકલ સ્ટોરમાં નોકરી કરતા યુવાનનું હાર્ટ એટેકથી મોત છે. મોડી રાત્રીના છાતિમાં દુખાવો થતા ૪૦ વર્ષીય નરેશભાઈને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ યુવાનના મોતના પગલે પરિવાર જનોમાં શોકનો માહોલ છે. બીજી ઘટના રાજકોટમાં જેતપુરમાં બની છે. અહીં જેતપુર તાલુકાના પીઠડીયા ગામે હાર્ટ એટેકથી એકનું મોત થયું છે. ભગવતી ચોકમા રહેતા ૪૫ વર્ષીય મનીષાબેનને હાર્ટ એટેક આવતા મોત થયું છે. જેથી મૃતદેહને જેતપુર સરકારી હોસ્પિટલમાં ખસેડાયો છે. તબીબના પ્રાથમિક તારણ મુજબ હાર્ટ એટેક આવ્યો છે. જો કે પોસ્ટ મોર્ટમ રિપોર્ટ બાદ કઈ રીતે મોત થયું તે હકીકત બહાર આવશે. યુવાનોના હૃદય સતત નબળા પડી રહ્યા છે. એક ચોંકાવનારો અહેવાલ જણાવે છે કે



આજે લોકો જે પ્રકારની જીવનશૈલી જીવી રહ્યા છે તેની અસર હૃદય પર પડી રહી છે અને હાર્ટ એટેક જેવી જીવલેણ બીમારીઓ ઝડપથી વધી રહી છે. અમેરિકન જર્નલ ઑફ ક્લિનિકલ એન્ડ ડાયગ્નોસ્ટિક રિસર્ચમાં પ્રકાશિત અહેવાલ દર્શાવે છે કે ૨૦૧૫ સુધીમાં ભારતમાં લગભગ ૬.૫ કરોડ લોકો હૃદયની બીમારીઓથી પીડિત હતા. આશ્ચર્યની વાત એ છે કે આમાંથી લગભગ ૨.૫ કરોડ લોકો ૪૦ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરના છે. WHOનો તાજેતરનો રિપોર્ટ પણ ભારતીયોને ડરાવશે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં હૃદય રોગના કારણે મૃત્યુની સંખ્યામાં ૭૫%નો વધારો થયો છે. રિપોર્ટ અનુસાર, માત્ર વર્ષ ૨૦૧૯માં જ સમગ્ર વિશ્વમાં લગભગ ૧.૮૦ કરોડ લોકો હૃદયની બીમારીઓને કારણે મૃત્યુ પામ્યા છે. આમાંથી ૮૫ ટકા મૃત્યુનું કારણ માત્ર હાર્ટ એટેક છે. હાર્ટ સ્પેશિયાલિસ્ટના મતે હાર્ટ એટેકની સ્થિતિને 'મ્યોકાર્ડિયલ ઈન્ફાર્ક્શન' કહેવામાં આવે છે. આ એવી સ્થિતિ છે જ્યારે હૃદયના કોઈ ભાગમાં લોહીનો પુરવઠો બંધ થઈ જાય છે અને તેના કારણે ત્યાં લાંબા સમય સુધી લોહી અને ઓક્સિજન પહોંચી શકતું નથી. જેના કારણે તે કામ કરવાનું બંધ કરી દે છે અને વ્યક્તિનું મૃત્યુ થાય છે. હાર્ટ એટેકનું મુખ્ય કારણ સામાન્ય રીતે લોહીના ગંઠાવાનું સંચય છે. જેને બ્લડ ક્લોટિંગ પણ કહેવાય છે, જે ધમનીઓમાં ચરબી જમા થવાને કારણે થાય છે. આજકાલ, એવા ઘણા કિસ્સાઓ છે જ્યારે જીમમાં વર્કઆઉટ અથવા ડાન્સ કરતી વખતે યુવાનોને હાર્ટ એટેક આવે છે. આ અંગે આરોગ્ય નિષ્ણાતો કહે છે કે આજકાલ અજાણ્યા હૃદયરોગ, કોઈ યોગ્ય તાલીમ વિના વધુ પડતી અને ભારે કસરત, ડીહાઈડ્રેશન અને વધુ પડતા ઉત્તેજક અથવા કેફીનનું સેવન યુવાનોના હૃદયને નબળું પાડી રહ્યું છે અને તેમનામાં હાર્ટ એટેકની બીમારીઓ વધી રહી છે.

## સૌરાષ્ટ્રમાં ચાલુ વર્ષે ઘઉંનુ અનેક ગણુ વાવતેર થયું



। (એજન્સી) અમરેલી, તા.૧૬ ।

પહેલા ખેડૂતોને ઘઉંના સામાન્ય ભાવ મળતા હતાં. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ઘઉંના સારા ભાવ મળી રહ્યા છે. જેના કારણે ઘઉંના વાવેતર વિસ્તારમાં વધારો થયો છે. અમરેલી જિલ્લામાં મોટાભાગના ખેડૂતોએ ચાલુ વર્ષે ઘઉંનું વાવેતર કર્યું છે. ઘઉંના વાવેતરને લાંબો સમય થઈ ગયો છે. ત્યારે બીજી તરફ ઘઉંના ભાવમાં ધીમા પગલે તેજી આવી રહી છે. છેલ્લા એક મહિનામાં ઘઉંના ભાવમાં ૫૦ રૂપિયા જેવો વધારો થયો છે. હાલ ભાવ વધતા ખેડૂતોમાં આનંદ છે. સૌરાષ્ટ્રના જુદા જુદા યાર્ડની વાત કરીએ તો રાજકોટ યાર્ડમાં ૧,૩૦૦ થી ૧૪૦૦ ગુણીની આવક નોંધાઈ હતી જ્યારે ૫૧૦ થી ૫૧૫ સરેરાશ ભાવ રહ્યા હતા. સારી ક્વોલિટીના ૫૫૦ થી ૬૧૦ રૂપિયા સુધી ભાવ બોલાયા હતા. ગોંડલ યાર્ડમાં ૧૩૦૦ ગુણીની આવક નોંધાઈ હતી. જેમાં લોકવનનો બજાર ભાવ ૪૫૦ થી ૬૧૨ રૂપિયા બોલાયો હતો. જ્યારે ટુકડાનો ભાવ ૫૫૦ થી ૭૨૬ રૂપિયા બોલાયો હતો. સુપરનો ભાવ ૬૫૦ રૂપિયા બોલાયો હતો.

### ખેડૂતો માટે એક સારા સમાચાર

## ખેતીના રેકોર્ડ માટે ડિજિટલ ક્રોપ સર્વેનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાયો

**આ એજન્સી માટે ગામના યુવાનો જ સ્માર્ટ ફોન પર ડિજિટલ ક્રોપ સરવેની કામગીરી કરી રહ્યા છે**

। (એજન્સી) મહેસાણા, તા.૧૬ ।

રાજ્ય સરકારે બીજી બધા ક્ષેત્રની જેમ ખેતીના રેકોર્ડમાં પણ સૌ પ્રથમવાર ડિજિટલ ક્રોપ સર્વેનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. જેના કારણે ખેડૂતોએ પોતાના પાક વિશેની નોંધણી કરાવવા ધક્કા ખાવાનો વારો નહીં આવે. ગામના યુવાનો જ સ્માર્ટ ફોન પર ડિજિટલ ક્રોપ સરવેની કામગીરી કરી રહ્યા છે. આ ડિજિટલ ક્રોપ સરવે છે શું ? અને કેવી રીતે કામ કરશે ? જાણો

ખેડૂતો માટે એક સારા સમાચાર છે. કેમકે તેમની માથાઝીંક ઓછી થવા જઈ રહી છે. ખેડૂતોએ હવે પાણી પત્રક માટે તલાટી પાસે રૂબરૂ જવું નહિ પડે બલકે ઘરે બેઠા તેમની વિગતો સરકાર પાસે પહોંચી જશે. રાજ્ય સરકારે બીજી બધા ક્ષેત્રની જેમ ખેતીના રેકોર્ડમાં પણ સૌ પ્રથમવાર ડિજિટલ ક્રોપ સર્વેનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. જેના કારણે ખેડૂતોએ પોતાના પાક વિશેની નોંધણી કરાવવા ધક્કા ખાવાનો વારો નહીં આવે. આ ડિજિટલ ક્રોપ સરવે છે શું ? અને કેવી રીતે કામ કરશે ? હવે ખેડૂતોએ આ કામ માટે ગામના તલાટી પાસે જવાની જરૂર નહિ પ ડે. અત્યાર સુધી તો ખેડૂતોએ પાણી પત્રક માટે એટલે કે કયા પાકની કેટલા વિસ્તારમાં ખેતી કરી છે તેની માહિતી તલાટીને રૂબરૂ જઈને આપવી પડતી હતી. પરંતુ સરકારે એજન્સીને સરવેની કામગીરી સોંપી છે. અને આ એજન્સી માટે ગામના યુવાનો જ સ્માર્ટ ફોન પર ડિજિટલ ક્રોપ સરવેની કામગીરી કરી રહ્યા છે.સર્વેયરો દ્વારા ૫૮૨૦૫૨ સર્વે નંબરોમાં થયેલા વાવેતરની ડિજિટલ રીતે ગણતરી કરવામાં આવી રહી છે. સર્વેયરો જે તે સર્વે નંબરમાં જઈ પાકનો ફોટો લઈ એપ્લિકેશનમાં અપલોડ કરી રહ્યા છે. ઁજી ટેકનોલોજી આધારિત આ ગણતરીમાં ફોટો અપલોડ થતા ખેડૂતનું નામ તેની જમીનનો સર્વે નંબર અને કયા પાકનું કેટલું વાવેતર કર્યું છે, તેના ડેટા એપમાં ઓટોમેટીક અપલોડ થઈ જાય છે.

આ પ્રોજેક્ટથી થકી પ્રથમ તબક્કે વાવેતર વિસ્તારની ચોકસાઈ મેળવવાનો આશય છે. સર્વેયરોએ અપલોડ કરેલા ડેટાને જે તે ગામના ગ્રામ સેવકો દ્વારા ખરાઈ કરવામાં આવશે.

## છોટાઉદેપુરમાં વિદ્યાર્થીઓ જીવના જોખમે ભણવા મજબૂર

। છોટાઉદેપુર, તા.૧૬ ।

ઉનાળું વેકેશન દરમિયાન આવેલા વાવાઝોડા સમયે શાળાની છતના પતરા ઉડી ગયા છે. તેમ છતાં શાળાનું રિપેરિંગ કામ કરવામાં આવ્યું નથી. શૈક્ષણિક સત્રના છ માસ વિદ્યાર્થીઓએ આવી જોખમી શાળામાં જ અભ્યાસ કર્યો છે. શાળાના શિક્ષકો દ્વારા અનેક વખત રજૂઆત કરાઈ છે. છતાં તંત્ર દ્વારા કોઈ જ પગલાં લેવામાં આવ્યા નથી. છોટાઉદે પુર તાલુકાની મોટા ટીંબરવા ગામના ૧ થી ૮ ધોરણના ૧૩૫ બાળકો માટે સરકારી શાળા તો છે, પરંતુ આ સરકારી શાળામાં ભણવા જવું વિદ્યાર્થીઓ માટે જોખમી સાબિત થઈ શકે છે. પાંચ ઓરડાની આ શાળા અત્યંત જર્જરીત છે. લટકતા પતરાનું જોખમ વિદ્યાર્થીઓના માથે તોળાઈ રહ્યું છે. છેલ્લા ૬ માસથી આજ સ્થિતિ છે.ઉનાળું વેકેશન દરમિયાન આવેલા વાવાઝોડા સમયે શાળાની છતના પતરા ઉડી ગયા છે. તેમ છતાં શાળાનું રિપેરિંગ કામ કરવામાં આવ્યું નથી.

### ગુજરાતમાં અનોખી શાળા

## જામનગરમાં દિવસે નહીં રાત્રીના ભણાવાય છે જીવન ઘડતરના પાઠ

**ભોંય જ્ઞાતિના યુવાનો રાત્રી શાળા ચલાવી રહ્યા છે, આ શાળામાં શિક્ષણ સાથે વિવિધ પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે**

। (એજન્સી) જામનગર, તા.૧૬ ।

આજના આધુનિક યુગમાં શિક્ષણનું મહત્વ ખુબ જ વધી ગયું છે. જો આપ ણે શિક્ષિત હોય તો આપણે બાળકોને સારી રીતે શિક્ષણ અને ઘડતર આપી શકીએ. આથી ગરબી અને મધ્યમ વર્ગના લોકો કે બાળકો કોઈ શિક્ષણથી વંચિત ન રહે તે માટે જામનગરની એક શાળા ખુબ જ મહત્વનું કામ કરી રહી છે. જામનગરમાં એક માત્ર રાત્રી શાળા છે, જે બાળકોને માત્ર શિક્ષણ જ નહીં રમત ગમત, સંસ્કાર, સમજણના પાઠ ભણાવે છે. ભોંય જ્ઞાતિ યુવક મંડળ રાત્રી શાળાના મિતેશભાઈ દાઉદીયાએ જણાવ્યું હતું કે, આ શાળાની આજથી ૯૪ વર્ષ પહેલા જ્ઞાતિના વડિલ સ્વ.દામજીભાઈ રામજીભાઈ મહેતા અને તેની ટીમ દ્વારા શરૂ કરવામાં આવી હતી. પહેલા પ્રૌઢ શિક્ષણની શરૂઆત કરવામાં આવી હતી. આ રાત્રી શાળાની સ્થાપના કરવા પાછળનો હેતુ એ હતો કે, ગરીબ અને મજુર વર્ગના પરિવારના સભ્યો કે જેઓ શિક્ષણથી વંચિત રહી ગયા છે. તેઓને શિક્ષણ મળે રહે તેવો હતો. જો મજૂર વર્ગના લોકોને શિક્ષણ મળે તો તેઓ પોતાના જીવનમાં કંઈક કરી શકે. આ સાથે જ તેઓ જ્યાં મજુરીએ જાય છે. તેની મજૂરીનો હિસાબ બરાબર તેઓ કરી શકે અને તેની સાથે કોઈ છેતરપીંડિ ન કરી શકે તે માટે આ રાત્રી શાળાની સ્થાપના કરવામાં આવી હતી. અત્યારની પરિસ્થિતિ એવી છે કે, જેમાં શિક્ષણનું સ્તર ખૂબ જ ઊંચું છે. અત્યારે મોટાભાગના લોકો પ્રાઈવેટ સ્કૂલમાં પોતાના બાળકોને બેસાડી રહ્યા છે. પણ આ શિક્ષણ મેળવવાના ચક્કરમાં માતા-પિતા પોતાના બાળકોની હેલ્થ વિશે જાણવાનું ભુલી જાય છે. જેથી બાળકોનું સ્વાસ્થ્ય ક્યાંકને ક્યાંક જોખમમાં મુકાઈ રહ્યું છે. આ શાળામાં બાળકો શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહી શકે તે માટે લેઝિમ, પીટી, ડમ્બેલ્સ અને વિવિધ શારીરિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. જેથી બાળક માનસિક અને શારીરિક બંને રીતે સ્વસ્થ રહી શકે. શાળા દ્વારા બાળકોને અઠવાડિયામાં એક વખત ધાર્મિક સ્થળો પર અથવા તો નજીકનાપર્યટક સ્થળો પર સાઈકલ લઈને લઈ જવામાં આવે છે. જેથી બાળકોમાં સાઈકલ પ્રત્યેની અવેરનેસ આવે. બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે અને તેઓ પ્રકૃતિ પ્રેમી બને તે ઉદેશ્ય સાથે બાળકોને સાઈકલ પર અલગ અલગ જગ્યાઓ પર લઈ જવામાં આવે છે.

**વિશેષ** — નેત્રંગ તાલુકાના મૌઝા ખાતે પીએમ જન-મન અભિયાન કાર્યક્રમ યોજાશે

# પીએમ જન-મન અભિયાન અંતર્ગત આસિસ્ટન્ટ કલેક્ટર સુશ્રી નૈતિકા માથુરના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઇ

। (માહિતી) સુરત ।

ભારત સરકાર દ્વારા આદિમજૂથના વિકાસ માટે "પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (PM-JANMAN) જાહેર કર્યો છે. જેનો મુખ્ય ઉદેશ આદિમજૂથોને ઉત્થાન માટે જરૂરી એવી સરકારશ્રીની તમામ યોજનાઓનો લાભ મળે તેવું સુનિશ્રિત કરવામાં આવે છે. જે અંતર્ગત દેશના ૧૦૦ જિલ્લાના આદિમજૂથો સાથે તા.૧૫/૦૧/૨૦૨૪ ના રોજ માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચુઅલ રીતે સંવાદ કરવાના છે.

જેના અનુસંધાને ભરૂચના નેત્રંગ તાલુકાના મૌઝ ગામની સરકારી માધ્યમિક શાળા ખાતે પણ માન. પ્રધાનમંત્રીશ્રી સાથેના આ વર્ચુઅલ કાર્યક્રમનું આયોજન થયું છે.

આ કાર્યક્રમના સુચારુ આયોજન માટે ભરૂચના ઝઘડિયા તાલુકાના આસિસ્ટન્ટ કલેકટર સુશ્રી નૈતિકા માથુરના અધ્યક્ષસ્થાને જિલ્લાના અમલીકરણ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આસિ.કલેકટરશ્રીએ મૌઝા ખાતે પીએમ જન-મન અભિયાન કાર્યક્રમમાં લાભાર્થીઓને સ્થળ પર લાવવા લઇ અને જવાની વ્યવસ્થા, સ્ટેજ પર લાભ આપનાર લાભાર્થીની અલાયદી વ્યવસ્થા, કાર્યક્રમના સ્થળે ટ્રાફિક વ્યવસ્થા, તબીબી વ્યવસ્થાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમ સહિત આનુષાંગિક વ્યવસ્થાઓનું આયોજન અને તેના અમલીકરણ માટે દરેક અધિકારીઓને સૂચના આપી હતી.

આ પ્રસંગે પ્રાંત અધિકારીઓ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતાં.







### ભારત-ઈંગ્લેન્ડ પાંચ ટેસ્ટની પ્રથમ મેચ ૨૫ જાન્યુઆરીથી । રણજી ટ્રોફીમાં મુંબઈ અને કેરળની મેચમાં મેદાન પર વાપસી નહી કરી શકે

# શાર્દૂલ ઠાકુરે ઘૂંટણની ઈજાને લીધે બે સપ્તાહના આરામની માગ કરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૨૫મી જાન્યુઆરીથી ૫ મેચની ટેસ્ટ સીરિઝ રમાનાર છે. આ સીરિઝ પહેલા ભારતીય ક્રિકેટ ટીમ માટે એક માઠા સમાચાર સામે આવ્યા છે. ટીમના સ્ટાર ઓલરાઉન્ડર શાર્દુલ ઠાકુરના ઘુટણની ઈજા ફરી સામે આવી છે. જેના કારણે તેણે બીસીસીઆઈને બે અઠવાડિયા માટે આરામની માંગ કરી છે. જણાવી દઈએ કે સાઉથ આફ્રિકાના પ્રવાસ દરમિયાન શાર્દુલના ઘૂંટણમાં ઈજા થઈ હતી. તે સમયે કહેવામાં આવ્યું હતું કે ઈજા વધારે ગંભીર નથી અને તે રણજી ટ્રોફીમાં મુંબઈ અને કેરળની મેચમાં મેદાન પર વાપસી કરી શકે છે. પરંતુ હવે તે આ મેચમાં રમી શકશે નહીં. જણાવી દઈએ કે ટીમમાં પસંદગી માટે હવે શ્રેયસ અય્યર પણ ઉપલબ્ધ નથી, કારણ કે તે ઈંગ્લેન્ડ સામે આગામી ૫ મેચની ટેસ્ટ સીરિઝની તૈયારી કરી રહ્યો છે. હવે શિવમ દુબેને મુંબઈની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. શિવમ અફઘાનિસ્તાન સામે રમાનાર અંતિમ ટી૨૦આઈબાદ મુંબઈની ટીમમાં જોડાશે. ટર્નિંગ પિચને જોતા મુંબઈ ટીમના પસંદગીકારોએ હિમાંશુ સિંહને ટીમમાં સામેલ કર્યો છે. હિમાંશુ ઓફ સ્પિનર બોલર છે, જે ૧૬ સભ્યોની ટીમનો ભાગ છે. હિમાંશુ સિંહ પ્રથમવાર રણજી ટ્રોફી રમતા દેખાશે. તેણે લોકલ ક્રિકેટ અને સીકે નાયડૂ ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું જેથી તેણે મોકો આપવામાં આવ્યો છે.

**મુંબઈની ૧૬ સભ્યોની ટીમ નીચે મુજબ**

અજિંક્ય રહાણે (સુકાની), ભૂપેન લાલવાણી, જય બિસ્તા, અમોઘ ભટકલ, શિવમ દુબે, પ્રસાદ પવાર (વિકી), હાર્દિક તામોરે (વીકી), સુવેદ પારકર, શમ્સ મુલાની, તનુષ કોટિયન, ધવલ કુલકર્ણી, રોયસ્ટન ડાયસ, અથર્વ અંકોલેકર, મોહિત અવસ્થી, સિલ્વેસ્ટર ડિસૂઝા, હિમાંશુ સિંહ

**ન્યૂઝ બ્રિફ**

## વિજય બાદ ટીમ ઈન્ડિયાએ મહાકાલના દર્શન કર્યા

। (એજન્સી) ઈન્દોર, તા.૧૬ ।

અફઘાનિસ્તાન સામે રમાઈ રહેલી ત્રણ મેચની ટી૨૦ સીરિઝની બીજી મેચ ગઈકાલે ઈન્દોરના હોલકર સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં ભારતીય ટીમે ૬ વિકેટથી જીત નોંધાવી હતી. મેચમાં જીત મેળવ્યા બાદ ભારતીય ટીમના કેટલાંક ખેલાડીઓ આજે સવારે ઉજ્જૈનના શ્રી મહાકાલેશ્વર મંદિરની ભસ્મ આરતીમાં સામેલ થયા હતા. જેનો વીડિયો સામે આવ્યો છે. પહેલીવાર બાબા મહાકાલના દર્શન કરવા આવેલા રવિ બિશ્નોઈએ કહ્યું, ‘‘મેં વિશ્વ પ્રસિદ્ધ બાબા મહાકાલ મંદિર અને અહીં યોજાતી ભસ્મ આરતી વિશે સાંભળ્યું હતું, પરંતુ આજે પહેલીવાર મને આ આરતીમાં ભાગ લેવાનો અને તેના દિવ્ય દર્શન કરવાનો મોકો મળ્યો છે.’’ રવિ બિશ્નોઈ, જિતેશ શર્મા, વોશિંગ્ટન સુંદર અને તિલક વર્માએ ભસ્મ આરતીનો આનંદ માણ્યો અને નંદી હોલમાં બેસીને ભગવાન શ્રી મહાકાલના દર્શન કર્યા હતા.

## દીપ્તી શર્માએ મહિલા પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ જીત્યો

। (એજન્સી) દુબઈ, તા.૧૬ ।

આઈસીસીદ્વારા આજે આઈસીસીપુરુષ અને મહિલા પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ જીતનાર ખેલાડીની જાહેરાત કરવામાં આવી છે. પુરુષ કેટેગરીમાં ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમના કેપ્ટન પેટ કમિન્સે આ એવોર્ડ જીત્યો છે, જ્યારે મહિલા કેટેગરીમાં ભારતીય ક્રિકેટ ટીમની સ્ટાર ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ પોતાના નામે કર્યો છે. દીપ્તિ શર્મા પ્રથમ વખત ‘આઈસીસીવિમેન્સ પ્લેયર ઓફ ધ મંથ’ બની છે. દીપ્તિ શર્માએ ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં ત્રણેય ફોર્મેટમાં શાનદાર બેટિંગ અને બોલિંગનું પ્રદર્શન કર્યું હતું અને ભારતીય મહિલા ક્રિકેટ ટીમની જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. દીપ્તિએ ડિસેમ્બર ૨૦૨૩માં ૨ ટેસ્ટ મેચ રમી હતી, જેમાં તેણે ૫૫ની એવરેજથી ૧૬૫ રન બનાવ્યા અને ૧૧ વિકેટ પણ ઝડપી હતી. આ દરમિયાન મહિલા ટી૨૦આઈમાં તેણે ૩ મેચની ૨ ઈનિંગ્સમાં ૧૫ રન બનાવ્યા અને ૨ વિકેટ ઝડપી હતી.

### ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠામહોત્સવ

# ધોનીને અયોધ્યા મહોત્સવનું આમંત્રણ આપવામાં આવ્યું

### ધોની ઉપરાંત કોહલી, હરભજન સિંહ અને સચિન તેંડુલકરને પણ આ મહોત્સવમાં સામેલ થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું

। (એજન્સી) રાંચી, તા.૧૬ ।

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને ૨૨ જાન્યુઆરીના રોજ યોજાનાર રામ મંદિર પ્રાણ પતિષ્ઠા મહોત્સવ માટે અયોધ્યા આવવા આમંત્રણ આપવામાં આવ્યું છે. ધોનીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સહ-પ્રાંત સચિવ ધનંજય સિંહ તરફથી આ વિશેષ આમંત્રણ મળ્યું છે.



હવે આ જોવું રસપ્રદ રહેશે કે ધોની આ મહોત્સવમાં ભાગ લેશે કે નહીં. ભારતીય ટીમનો પૂર્વ કેપ્ટન એમએસ ધોની એવા ખેલાડીઓની યાદીમાં સામેલ થઈ ગયો છે જેમને ૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. ધોની ઉપરાંત વિરાટ કોહલી, પૂર્વ ભારતીય સ્પિનર હરભજન સિંહ અને મહાન બેટ્સમેન સચિન તેંડુલકરને પણ આ મહોત્સવમાં સામેલ થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

ધોનીને ગઈકાલે રાંચીમાં તેના નિવાસસ્થાને આમંત્રણ મળ્યું હતું. જ્યારે ધોનીને ઔપચારિક આમંત્રણ આપવામાં આવ્યું ત્યારે ભાજપના પ્રદેશ સંગઠન મહાસચિવ કર્મવીર સિંહ પણ હાજર હતા. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે દેશના ૬,૦૦૦થી વધુ લોકોને આમંત્રણ મોકલ્યું છે. રામલલા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ૨૨ જાન્યુઆરીએ દેશના જુદા-જુદા ક્ષેત્રના ઘણાં જાણીતા લોકોના સામેલ થવાની આશા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ મહોત્સવમાં સામેલ થશે. તેમના સિવાય ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત ઘણા રાજ્યોના મુખ્યમંત્રીઓ અયોધ્યા પહોંચી શકે છે.








પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંધ્ર પ્રદેશમાં પુટ્ટપર્થીના લેપાક્ષીમાં વીરભદ્ર મંદિરમાં દર્શન અને પૂજન-અર્ચન કર્યા હતા. મોદીએ તેલુગુમાં રંગનાથ રામાયણના શ્લોકો સાંભળ્યા અને થોલુ બોમ્મલતા તરીકે ઓળખાતી આંધ્રપ્રદેશની પરંપરાગત છાયા કઠપૂતળી કલા દ્વારા દૃષ્ટિથી રજૂ કરાયેલ જટાયુની વાર્તાના સાક્ષી બન્યા. પ્રધાનમંત્રીએ X પર પોસ્ટ કર્યુંઃ ‘‘પ્રભુ શ્રી રામના ભક્તો માટે લેપાક્ષીનું ખૂબ મહત્વ છે. આજે મને વીરભદ્ર મંદિરમાં પ્રાર્થના કરવાનું સન્માન મળ્યું. મેં પ્રાર્થના કરી કે ભારતના લોકો સુખી, સ્વસ્થ રહે અને સમૃદ્ધિની નવી ઊંચાઈઓ સર કરે.’’ ‘‘વીરભદ્ર મંદિર, લેપાક્ષીમાં, રંગનાથ રામાયણ સાંભળ્યું અને રામાયણ પર કઠપૂતળીનો શો પણ જોયો.’’

### ભારતની બે ટેસ્ટની શ્રેણી પહેલાં ક્રિકેટરે નિવૃત્તી જાહેર કરી

# દ.આફ્રિકાના ડીન એલ્ગરે કોચને લીધે મજબૂરીમાં નિવૃત્તી લીધી

### કેટલાંક સિનિયર ખેલાડીઓ ઈચ્છતા હતા કે એલ્ગર તેના સન્યાસ લેવાના નિર્ણય પર ફરી એકવાર વિચાર કરે

। (એજન્સી) ડરબન, તા.૧૬ ।



સાઉથ આફ્રિકાના ઓપનર ડીન એલ્ગરે ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો છે. એલ્ગરે ભારત સામેની બે ટેસ્ટ મેચની સીરિઝ પહેલા આ જાહેરાત કરી હતી. કેપટાઉન ટેસ્ટ તેના કરિયરની છેલ્લી મેચ હતી. જો કે અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે સાઉથ આફ્રિકાના કોચ શુક્રી કોનરાડ એલ્ગરને ટીમમાં રાખવા માંગતા ન હતા. એક અખબારના અહેવાલ મુજબ એલ્ગરનો ભારત સામે રમાયેલી ટેસ્ટ સીરિઝ પછી નિવૃત્તિ લેવાનો કોઈ ઈરાદો ન હતો. એલ્ગરને સાઉથ આફ્રિકાના કોચ ટીમમાં સામેલ કરવા તૈયાર ન હતા.

ત્યારબાદ એલ્ગરે કોચ શુક્રી સામે એક ઓફર મૂકી. જેમાં એલ્ગરે કહ્યું, ‘‘શું મને મારા ઘરેલું ફેન્સ સામે મારી અંતિમ સીરિઝ રમવાની તક મળશે ?’’ ભારત સામે રમાયેલી સીરિઝનો ભાગ બનવા માટે એલ્ગરે ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહ્યું હતું. શુક્રી કોનરાડના કોચ બન્યા બાદ એલ્ગરને સુકાનીપદથી હટાવી દેવામાં આવ્યો હતો. ડીન એલ્ગર શાનદાર ફોર્મમાં હતો.

### પેસ બોલરે ૨૦૨૨માં ઈન્ટરનેશનલ ડેબ્યુ કર્યું હતું

# અર્શદીપ ટી૨૦માં સૌથી વધુ ૫૧ વાઈડ નાખનારો બોલર બન્યો

### અર્શદીપે આ મામલે આયરલેન્ડના માર્ક એડેયરને પણ પાછળ છોડી દીધો છે, માર્કે ૫૦ વાઈડ બોલ ફેંક્યા હતા

। (એજન્સી) ઈન્દોર, તા.૧૬ ।

ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે વર્ષ ૨૦૨૨માં ઈન્ટરનેશનલ ડેબ્યૂ કર્યું હતું. તે અત્યાર સુધી ભારતીય ટીમ માટે એક સારો બોલર સાબિત થયો છે, પરંતુ તેણે કેટલાક શરમજનક રેકોર્ડ પણ બનાવ્યા છે જેને કોઈ બોલર બનાવવા માંગતો નથી. હવે અર્શદીપે સૌથી વધુ વાઈડ બોલ નાખવાનો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. તેણે અફઘાનિસ્તાન સામે રમાયેલી બીજી ટી૨૦આઈમેચ દરમિયાન અનિચ્છનીય વાઈડ બોલનો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. અર્શદીપ સિંહ વર્ષ ૨૦૨૨થી ઈન્ટરનેશનલ



ક્રિકેટમાં સૌથી વધુ વાઈડ બોલ ફેંકનાર બોલર બની ગયો છે. તેણે વાઈડ બોલ નાખવાના મામલે ફિફ્ટી પાર કરી દીધી છે. તેણે આ મામલે આયરલેન્ડના માર્ક એડેયરને પાછળ છોડી દીધો છે. માર્કે ૫૦ વાઈડ બોલ ફેંક્યા હતા, જયારે અર્શદીપ તેનાથી આગળ નીકળી ગયો છે. અર્શદીપે ૫૧ વાઈડ બોલ ફેંક્યા છે. આ યાદીમાં વેસ્ટ ઈન્ડિઝનો જેસન હોલ્ડર ત્રીજા સ્થાને છે. તેણે ૩૯ વાઈડ બોલ ફેંક્યા છે. વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ ટીમનો અન્ય એક ખેલાડી રોમારિયો શેફર્ડ આ યાદીમાં ૩૪ વાઈડ બોલ સાથે ચોથા સ્થાને છે. પાંચમાંનંબરે ભારતીય સ્પિનર રવિ બિશ્નોઈ છે. તેણે ૨૯ વાઈડ બોલ ફેંક્યા છે. અફઘાનિસ્તાન સામે ઈન્દોરમાં રમાયેલી બીજી ટી૨૦આઈમેચમાં ભલે ૨૦૨૨ પછી સૌથી વધુ વાઈડ બોલ ફેંકવાનો રેકોર્ડ અર્શદીપના નામે છે, પરંતુ તેણે ૩ વિકેટ પણ લીધી હતી. હોલ્કર ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં અર્શદીપે ૪ ઓવરમાં ૩૨ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી.

## ભારતીય મૂળના વિવેક રામાસ્વામીએ યુએસ પ્રમુખ પદ માટે પોતાનો દાવેદારી છોડી



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।

ભારતીય મૂળના વિવેક રામાસ્વામીએ અમેરિકન પ્રમુખ પદ માટે પોતાનો દાવેદારી છોડી દીધી છે. આ સાથે જ તેમણે ડોનાલ્ડ ટ્રમ્પને સમર્થન આપવાની વાત કરી છે. અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કાયદાકીય મામલામાં મોટી સફળતા હાંસલ કરી છે. તેમણે આ વર્ષની પ્રમુખની ચૂંટણીમાં આયોવાની કોકસ જીતી છે. આ પછી રિપબ્લિકન પ્રાઈમરીમાં તેમનો દાવો ઘણો મજબૂત બન્યો છે. આયોવા કોકસમાં નબળા પ્રદર્શન બાદ, ૨૦૨૪ રિપબ્લિકન પ્રમુખપદની રેસની પ્રથમ ચૂંટણીમાં બાયોટેક ઉદ્યોગસાહસિક વિવેક રામાસ્વામીએ સોમવારે જાહેરાત કરી કે તેઓ પ્રમુખ પદ માટેની રેસમાંથી બહાર થઈ રહ્યા છે. ૩૮ વર્ષીય રામાસ્વામીએ તેમના પૂર્વ હરીફ અને પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સમર્થન આપ્યું છે. તેમણે અગાઉ ૨૧મી સદીના શ્રેષ્ઠ પ્રમુખ તરીકે ટ્રમ્પની પ્રશંસા કરી હતી, આ સાથે તેમણે રિપબ્લિકન મતદારોને નવા લોકોને પસંદ કરવા અને અમેરિકા ફર્સ્ટ એજન્ડાને આગલા સ્તર પર લઈ જવા માટે પણ વિનંતી કરી હતી. આ કોકસ આયોવામાં યોજાયું હતું અને તેમાં ડોનાલ્ડ ટ્રમ્પે જીત મેળવી હતી. આ વર્ષે પ્રમુખની ચૂંટણીમાંથી વિવેક રામાસ્વામીના ખસી ગયા બાદ હવે ડોનાલ્ડ ટ્રમ્પ સિવાય માત્ર નિક્કી હેલી અને રોન ડીસેન્ટિસ પ્રમુખ પદની રેસમાં વધ્યા છે. વિવેક રામાસ્વામી આ ત્રણેયથી પાછળ હતા.

### ઈરાન વિરોધી શક્તિઓને ખતમ કરવા બેલેસ્ટિક મિસાઈલનો ઉપયોગ

# ઈરાને ઈરાકના કુર્દિસ્તાનમાં મોસાદના હેડક્વાર્ટરને ટાર્ગેટ કર્યાનો દાવો કર્યો

। (એજન્સી) તહેરાન, તા.૧૬ ।

ઈરાને ઈરાકના કુર્દિસ્તાનમાં મિસાઈલ સ્ટ્રાઈક કરીને ઈઝરાયેલની જાસૂસી એજન્સી મોસાદના હેડક્વાર્ટરને ટાર્ગેટ કર્યુ હોવાનો દાવો કર્યો છે. ઈરાનના મીડિયાના કહેવા અનુસાર કુર્દિસ્તાનમાં જાસૂસી કેન્દ્રો તેમજ ઈરાન વિરોધી શક્તિઓને ખતમ કરવા માટે બેલેસ્ટિક મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાથે સાથે ઈસ્લામિક સ્ટેટને ટાર્ગેટ કરવા માટે સિરિયા પર પણ મિસાઈલ લોન્ચ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ઈરાકના કુર્દિસ્તાનની રાજધાની એરબિલથી ૪૦ કિલોમીટર દૂર આવેલા અમેરિકન કોન્સ્યુલેટ તેમજ નજીકના રહેણાંક વિસ્તારો વિસ્ફોટથી ધણધણી ઉઠયા હતા. બે અમેરિકન અધિકારીઓએ આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજનસીને કહ્યુ હતુ કે, આ હુમલામાં અમેરિકાની કોઈ ઈમારતને નુકસાન થયુ નથી. બીજી તરફ આ હુમલામાં ચાર નાગરિકો માર્યા ગયા



છે અને ૬ ઘાયલ થયા છે. મૃતકોમાં કરોડપતિ કુર્દ વ્યવસાયી અને તેમના પરિવારનો સભ્યોનો સમાવેશ થાય છે. મરનાર પેશ્રા દિજાયી કુર્દિસ્તાનના રિયલ એસ્ટેટના મોટા વેપારી મનાતા હતા. મિસાઈલ હુમલા બાદ એરબિલ એરપોર્ટ પર વિમાનોની અવર જવર રોકી દેવામાં આવી હતી.

# ગૂગલ બિઝનેસ પ્રોફાઈલનો ઉપયોગ કરીને બનાવેલી વેબસાઈટ્સને બંધ કરશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।

તાજેતરમાં જ ગૂગલે એક જાહેરાત કરી છે કે તે ગૂગલ બિઝનેસ પ્રોફાઈલનો ઉપયોગ કરીને બનાવેલી વેબસાઈટ્સને બંધ કરવા જઈ રહ્યું છે. ગૂગલે તેના એક અધિકૃત બ્લોગમાં જણાવ્યું છે કે માર્ચ ૨૦૨૪ માં, બિઝનેસ પ્રોફાઈલ્સ સાથે બનાવેલી વેબસાઈટ્સ બંધ કરવામાં આવશે. તેમજ તમારી વેબસાઈટની મુલાકાત લેનારા યુઝર્સને વેબસાઈટના બદલે તમારી બિઝનેસ પ્રોફાઈલ પર રીડાયરેક્ટ કરવામાં આવશે, તો તે માટે પહેલા સમજીએ કે ગૂગલ બિઝનેસ પ્રોફાઈલ શું છે?

ગૂગલ બિઝનેસ પ્રોફાઈલ એક ફ્રી ટૂલ છે. જે યુઝર્સને તેના બિઝનેસને ગૂગલ સર્ચ અને મેપ પર ડિસ્પ્લે કરવાની સુવિધા આપે છે. બિઝનેસ પ્રોફાઈલ વડે યુઝર્સ ગ્રાહકો સાથે કનેક્ટ થઈ શકે છે, અપડેટ્સ પણ આપી શકે છે, તમામ પ્રોડક્ટ્સ અને સર્વિસનું લીસ્ટ પણ આપી શકે છે... એટલે કે ઓછા સમયમાં ઘણું બધું કરી શકે છે.

જોકે ૨૦૨૩માં ગૂગલે તેનું ડોમેન, બિઝનેસ સ્ક્વેરસ્પેસને વેચી દીધું હતું. કંપની ત્યારથી ગૂગલ ડોમેન્સ યુઝર્સને સ્ક્વેરસ્પેસ પર રીડાયરેક્ટ કરી રહી છે. જેથી માર્ચ ૨૦૨૪ માં ગૂગલ બિઝનેસ પ્રોફાઈલ બંધ થઈ જશે. એમાં કહેવામાં આવ્યું છે કે તમારા યુઝર્સને ૧૦ જૂન, ૨૦૨૪ સુધી જ તમારા બિઝનેસ પ્રોફાઈલ પર રીડાયરેક્ટ કરવામાં આવશે. આ તારીખ પછી યુઝર્સ જો તે વેબસાઈટ વિઝીટ કરશે તો તેમને પેઈજ નોટ ફાઉન્ડ જોવા મળશે. આનાથી બચવા માટે ગૂગલે ૬ વેબસાઈટ બિલ્ડર્સનું પણ સૂચન કર્યું છે, જેની મદદથી યુઝર્સ ખૂબ જ સસ્તામાં પોતાની વેબસાઈટ બનાવી શકે છે.

## તંત્રી લેખ...

# માલદીવની જેમ બાંગ્લાદેશમાં પણ ભારત વિરોધી અભિયાન

માલદીવના રાષ્ટ્રપતિ મોઈજ્જુની જેમ બાંગ્લાદેશની સૌથી પ્રમુખ વિપક્ષી પાર્ટી બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીએ ખાલિદા ઝિયાની આગેવીનીમાં દેશમાં ભારત વિરોધી અભિયાન શરૂ કરી દીધું છે. આ આંદોલનને બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીએ ઈન્ડિયા આઉટ.... નામ આપ્યુ છે. આ જ પ્રકારનુ અભિયાન માલદીવની ચૂંટણી પહેલા મોઈજ્જુએ ચલાવ્યુ હતુ. આ આંદોલનના સહારે માલદીવમાં મોઈજ્જુની પાર્ટીએ જીત પણ મેળવી હતી ત્યારે ખાલિદા ઝિયા પણ ભારત વિરોધી લોક જુવાળ ઉભો કરીને રાજકીય લાભ ખાટવા માંગે છે તેવુ દેખાઈ રહ્યુ છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર ખાલિદા ઝીયાના પુત્ર અને બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ તારિક રહેમાન આ આંદોલનમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. તારિક રહેમાન પર બાંગ્લાદેશમાં ઘણા કેસ ચાલી રહ્યા છે અને તેઓ હાલમાં લંડનમાં રહે છે. જ્યાંથી બેઠા બેઠા તેઓ બાંગ્લાદેશમાં હિન્દુ વિરોધી અને ભારત વિરોધી લાગણીઓ ભડકાવવા માટે હિલચાલ કરી રહ્યા છે. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીએ સોશિયલ મીડિયા પર ભારત વિરોધી અભિયાનની શરૂઆત પણ કરી દીધી છે અને બાંગ્લાદેશના સોશિયલ મીડિયા પર ભારત વિરોધી ઉશ્કેરણીજનક સંદેશાઓ પણ વહેતા કરી દેવાયા છે. પાર્ટીના કાર્યકરો કહી રહ્યા છે કે, ભારત ક્યારેય બાંગ્લાદેશનુ મિત્ર નહોતુ. ભારતની સરકાર બાંગ્લાદેશને ખોખરૂ કરી રહી છે. ૧૯૭૧માં પણ ભારતીયો બાંગ્લાદેશની મદદ કરવા માટે નહીં પણ બંગાળીઓની કિમતી વસ્તુઓ લૂંટવા માટે આવ્યા હતા . બાંગ્લાદેશમાં ભારતીય વસ્તુઓનો બહિષ્કાર કરવો જોઈએ અને દેશના વહિવટમાં ભારતની દખલગીરી ઓછી કરવી જોઈએ. આ પાર્ટીની સ્થાપના સૈન્ય શાસક ઝીયા ઉર રહેમાને ૧૯૭૮માં કરી હતી. તેમના મોત બાદ તેમના પત્ની ખાલીદા ઝિયા આ પાર્ટીના પ્રમુખ છે. તેઓ ત્રણ વખત બાંગ્લાદેશના વડાપ્રધાન પણ રહી ચુકયા છે. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી પાકિસ્તાન સાથે નિકટતા માટે અ્ને ભારત વિરોધી વલણ માટે કુખ્યાત છે.

## ગુજરાતની સદાય અગ્રેસર રહેવાની પરંપરામાં વધુ એક ગૌરવસિદ્ધિ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ગૌરવસિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા

### કેન્દ્રીય ઉદ્યોગ-વાણિજ્ય મંત્રીના હસ્તે નવી દિલ્હીમાં ગુજરાતને બેસ્ટ પર્ફોર્મર સ્ટેટનો એવોર્ડ એનાયત

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન અને પ્રેરણા આપવા ૧૬ જાન્યુઆરી ૨૦૧૬ના શરૂ કરાવેલી નવતર પહેલ 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' અન્વયે ગુજરાતે સતત ચોથી વાર સ્ટાર્ટઅપ રેક્કિંગમાં બેસ્ટ પર્ફોર્મર સ્ટેટનું ગૌરવ મેળવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ગૌરવ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે રાજ્ય સરકારના ઉદ્યોગ વિભાગ અને સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકોને અભિનંદન પાઠવ્યા છે.

નેશનલ સ્ટાર્ટઅપ-ડે ના અવસરે નવી દિલ્હીમાં સ્ટાર્ટઅપ રેક્કિંગ-૨૦૨૨ના પરિણામોનું અનાવરણ કેન્દ્રીય ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી શ્રી પિયુષ ગોયલે કર્યું હતું. વડાપ્રધાનશ્રીએ આત્મનિર્ભર ભારતના ધ્યેયને પાર પાડવા દેશમાં મજબૂત ઉદ્યોગ સાહસિક ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા આ 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' પહેલ શરૂ કરાવેલી છે. આના પરિણામ સ્વરૂપે ભારત આજે વિશ્વમાં ૧ લાખ ૧૭ હજાર જેટલા માન્ય સ્ટાર્ટઅપ અને ૧૧૧ યુનિકોર્ન સ્ટાર્ટઅપ ધરાવતું સૌથી મોટું સ્ટાર્ટઅપ હબ બન્યું છે.

દેશના રાજ્યોમાં પણ ઈનોવેશન્સ અને ઉદ્યોગ સાહસિકતાને વધુ પ્રેરિત કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ-DPIIT દ્વારા વર્ષ ૨૦૧૮થી રાજ્યો માટે સ્ટાર્ટઅપ રેક્કિંગ ફ્રેમવર્ક શરૂ કરવામાં આવ્યું છે. આ ફ્રેમવર્ક અન્વયે તાજેતરમાં ૨૦૨૨ના વર્ષના રેક્કિંગ માટે DPIIT અને સ્ટાર્ટઅપ ઈન્ડિયાએ ૩૩ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોનું ૨૫ એક્શન પોઈન્ટ્સ આધારીત ૭ નિર્ણાયક સુધારાઓના ક્ષેત્રોમાં મૂલ્યાંકન-એસેસમેન્ટ કર્યું હતું.

આ મૂલ્યાંકનના જાહેર થયેલા પરિણામોમાં ગુજરાતે સતત ચોથી વાર બેસ્ટ પર્ફોર્મર સ્ટેટનો એવોર્ડ મેળવ્યો છે. નવી દિલ્હીમાં આ એવોર્ડ ઉદ્યોગ વિભાગના વરીષ્ઠ અધિકારીઓ અને ટીમ ગુજરાતે સ્વીકાર્યો હતો. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્યમાં સ્ટાર્ટઅપ કલ્ચરને વેગ આપવા ગુજરાતે પહેલરૂપ એવી સ્ટાર્ટઅપ પોલિસી ૨૦૧૫ લોન્ચ કરેલી છે. રાજ્યમાં ૯૨૦૦ થી વધુ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ છે. એટલું જ નહીં, રાજ્ય સરકારે યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રારંભિક સ્તરે સહાય માટે રૂ. ૧ હજાર કરોડના ભંડોળ સાથે 'ગુજરાત યંગ એન્ટરપ્રેન્યોર્સ વેન્ચર ફંડ' શરૂ કરીને પ્રોત્સાહન પણ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત સસ્ટેઈનન્સ એલાઉન્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર આસિસ્ટન્સ, મોનિટરીંગ આસિસ્ટન્સ અને માર્કેટીંગ એલાઉન્સ જેવી સુવિધા સહાય પણ આપવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં સ્ટાર્ટઅપને વધુ વ્યાપક અને વેગવાન બનાવવા રાજ્ય સરકારે મહત્વ આપ્યું છે. તાજેતરમાં સંપન્ન થયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૪ની પ્રિ-વાઈબ્રન્ટ ઈવેન્ટરૂપે સ્ટાર્ટઅપ કોક્લેવ તથા વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન સેમિનારનું પણ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં શાળાકીય શિક્ષણ સ્તરેથી જ વિદ્યાર્થી યુવાઓમાં ઉદ્યોગ સાહસિકતા ક્ષમતા વિકસાવવા શિક્ષણ વિભાગે 'સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી ૨.૦' લોન્ચ કરેલી છે. તેનાથી પણ સ્ટાર્ટઅપ માટે નવું વાતાવરણ ઊભું થયું છે. આ ઉપરાંત સાયન્સ એન્ડ ટેક્નોલોજી, બાયોટેક્નોલોજી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ જેવા વિભાગો દ્વારા પણ સ્ટાર્ટઅપને પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકારને સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોગ્રામના સફળતાપૂર્વકના અમલીકરણ માટે ૨૦૧૭માં પ્રાઈમ મિનિસ્ટર એવોર્ડ ફોર એક્સેલેન્સ ઈન પબ્લિક એડમિનિસ્ટ્રેશન પણ એનાયત થયેલો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર 'આઈ ક્રિએટ' દ્વારા યુવા ઉદ્યોગ સાહસિકોને ઈક્યુબેશન સપોર્ટ આપીને પણ રાજ્યમાં સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમને વધુ વ્યાપક બનાવવા પ્રતિબદ્ધ છે. આ બધાની ફલશ્રુતિએ ગુજરાત સ્ટાર્ટઅપ રેનકિંગમાં સતત ચોથી વાર અગ્રેસર રાજ્ય બન્યું છે.

# આખરે પ્રભુ શ્રી રામના રામરાજ્યની અવધારણા શું છે? થોડાં સુધરીને શું ત્યાં લગી ન પહોંચી શકાય?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઈશ્વર હોવા છતાં જેણે એ અધિકાર નો ઉપયોગ કર્યો નથી માટે પ્રભુ શ્રી રામનું ચરિત્ર આજે પણ સૌને પ્રિય છે. હાં જોકે એની જેટલો ત્યાગ કરી કોઈને રામ બનવું નથી એ એક વાત જુદી છે! અને એટલે જ આપણે રામરાજ્યથી દૂર રહ્યા છીએ. કારણકે સૌને રામની છબી અન્યમાં શોધવી છે! ભલે ને પછી પોતે રાવણ જેમ અહમ રાખ્યો હોય. પણ રામ ને રામરાજ્ય તરફ સદા સૌનું આકર્ષક રહ્યું છે એમાં બે મત નથી. તો આજે આપણે રામરાજ્યની અવધારણા વિશે થોડું ચિંતન કરીએ. ચૌદ વર્ષના વનવાસ પછી અયોધ્યામા રામરાજ્યથી સ્થાપના થઈ, એમ ઘણીવાર સાવ નાના કારણે બાજી પલટાઈ જતી હોય છે.

સર્વપ્રથમ તો રામરાજ્યના સંસ્થાપક કે મુખિયાની વાત કરીએ તો રામ રાજ્યના મુખિયા માટે, પોતાના પરિવાર કરતાં પણ પ્રજાની મહત્તા વધુ હોય, તે પોતાની પ્રજાનાં હિત માટે પરિવારને પણ અણદેખ્યું કરી શકે, તેવો મુખિયા હોવો જોઈએ. આપણે સૌ જાણીએ છીએ કે રામાયણમાં બીજીવાર સીતાત્યાગની વાત આવી, અને એ પણ આયોધ્યાનાં એક ધોબીના મુખેથી સાંભળીને, એમણે સીતા નો ત્યાગ કર્યો. તો આપણને સૌને એમ થાય કે શું બીજીવાર સીતાનો ત્યાગ, એ રામનું યોગ્ય પગલું હતુંકે અયોગ્ય? પરંતુ પ્રજાના મનમાં કોઈપણ પ્રકારની શંકા કુશંકા ને સ્થાન આપીને આવી વાતનો બઢાવો દેવો એ યોગ્ય નહોતું, અને આજે એક જણ બોલ્યું આવતીકાલે બીજા પણ બોલી શકે, અને આ રીતે સ્ત્રી ચરિત્રનો મહિમા ઘટી શકે,અને વળી એ રીતે વ્યાભિચાર પણ ફેલાય શકે, એવું વિચારી સીતાનો બીજીવારનો ત્યાગ થયો,જે સીતા કરતાં પણ પ્રભુ શ્રી રામ માટે વધુ કષ્ટ દાયક હતું. એટલે કે પ્રજાની સુખાકારી અને માનસિક શાંતિનું મહત્વ જળવાઈ રહે એ રામ રાજ્યનાં મુખિયાનું પ્રથમ કર્તવ્ય છે. આજે તો હવે પૂજ્ય બાપુની કૃપાથી રામચરિતમાનસ ને કારણે સૌ કોઈ રામાયણનાં સામાન્ય જ્ઞાનથી વાકેફ છે.



અયોધ્યામાં રામરાજ્યની અવધારણાનાં મુખ્ય પાંચ નિયમો હતાં,કે જેનું પુજ્ય ગાંધી બાપુએ પણ સ્વપ્ન જોયું હતું, અને સ્વતંત્ર ભારતના બંધારણમાં અમુક વાતને એટલે મહત્વ અપાયું હતું. પૂજ્ય બાપુએ પણ રામચરિતમાનસ દ્વારા રામરાજ્યની વાત કરી,અને ચાલું સરકાર પણ એ પગલે ચાલી રહી છે,એની ખુશીનુ અનુમોદન કર્યું. પરંતુ શું પ્રજા ઈચ્છે છે કે રામ રાજ્ય થાય ? અને જો હાં તો એણે શું કરવું જોઈએ એ વિશે વાત કરીશું.

**રામ રાજ્યની અવધારણા મુજબ વાત કરીએ તો.**

**જ્યાં દરેક જણ પરસ્પર પ્રીતિથી જોડાયેલ હોય.**

**જ્યાં વિવાદ કે દુર્વાદ નહીં પણ સંવાદની મહત્તા હોય.**

**જ્યાં કોઈ દુખી ન હોય, કોઈ પોતાને દીન સમજતું ન હોય.**

**જ્યાં ન્યાય માટે રાય રંકના ભેદ ન હોય, સૌને એકસરખા માનવામાં આવે.**

**જ્યાં સૌ નીરોગી હોય, એટલે કે સૌનું આરોગ્ય મહત્વનું હોય.**

આજે સમાજમાં રામરાજ્યની અવધારણાની વાત કરવી પ્રાસંગિક પણ છે, કારણકે રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાથી રામ રાજ્યની દરેક જણ માત્ર વાત કરે છે, હકીકતમાં એ કેમ થાય અને એની માટે એણે શું કરવું જોઈએ,એ વિશે કોઈ જ્ઞાત નથી, અથવા ત્યાગ બલિદાન માટે કોઈ તૈયાર નથી. સરકાર કે મુખિયાની વાત છોડીએ તો નાગરિક કે પ્રજા તરીકે આપણુ પણ ઈચ્છવું બહુ જરુરી છે, કે રામ રાજ્યની સ્થાપના થાય. કારણ કે જે રીતે સમાજમાં અસમાનતા નો ગ્રાફ વધતો જાય છે, ધનવાન વધુને વધુ ધનવાન થતા જાય છે, અને ગરીબ વધુને વધુ ગરીબ થતો જાય છે, આ સ્થિતિમાં રામરાજ્યની સ્થાપના કરવી એ ઘણું કઠિન કાર્ય છે. રામરાજ્યના મુખિયા તો તેની રીતે રામરાજ્ય બની રહે, એ માટેનાં પ્રયત્ન કરશે. પરંતુ પ્રજામાં પણ એની પ્રત્યે સંતોષનો ભાવ હોવો બહુ જ જરૂરી હોય છે, જે આપણામાં બિલકુલ નથી, અથવા તો આપણને એનાથી કંઈ ફેર પડતો નથી, એવું પણ આપણે આપણા સ્વાર્થ માટે કરતાં આવ્યા છીએ, અને આગળ પણ કરીશું. એટલે રામરાજ્યની ચાહ! એ દેશના દરેક નાગરિકની ચાહ બને! તો જ રામરાજ્યની સ્થાપના શક્ય છે.

અહીં પરસ્પર પ્રીત એ હવે પરિવારમાં પણ દેખાતી નથી, તો સમાજ સમાજ વચ્ચે પ્રીતિ હોવી અને સંવાદ સ્થાપવો એ બહુ દૂરની વાત દેખાય છે. છતાં કોરોના અને અન્ય કુદરતી આપત્તિના સમયે લોકો આત્મ ચિંતન કરી થોડું વિચારતા થયાં છે, એ વાત પર આશાનું કિરણ દેખાય છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે સ્વાર્થ છૂટે, અને પરમાર્થ તરફ જ્યારે સૌ કોઈનું ધ્યાન કેન્દ્રિત થશે, ત્યારે જ સમાજમાં દીનદુખિયાનાનું પ્રમાણ ઘટશે, અને ત્યારે જ રામરાજ્યની અવધારણા મુજબ અહીં રામરાજ્યની સ્થાપના થશે.

દીન દુઃખી પ્રજાના હિત માટે બંધારણમાં પણ ઘણા કાયદાઓ છે, અને આગળ પણ ઘણા કાયદાઓ બન્યાં, પણ આપણે કાયદો બને એ પહેલાં જ એને તોડી કેમ શકાય, તેની છટકબારીઓ પણ શોધી લેતા હોઈએ છીએ, અને તેથી ન્યાયતંત્ર સફળ સાબિત થતું નથી, જે રામરાજ્યની સ્થાપના થવા દેતું નથી. સૌ કોઈને જીવન જરૂરી પ્રાથમિક જરૂરિયાત મળી રહે, એ રામરાજ્ય માટે બહુ જરૂરી છે. પરંતુ અહીં માત્ર દીન દુખિયા નેં પ્રાથમિક જરૂરિયાત ન મળતા તેઓનું આરોગ્ય વિખાયું છે એવું નથી, જરૂરિયાત ને નામે વધુ પડતું અપનાવવાથી આજે સાધન સંપન્ન લોકોનું આરોગ્ય વધુ બગડ્યું છે. એટલે એમ કહી શકાય કે આજનો સમાજ શારીરિક અને માનસિક રીતે બીમાર છે, પરંતુ ભારતીય સંસ્કૃતિના ઋષિ પતંજલીના યોગ સૂત્ર અનુસાર યોગ એ આજે વિશ્વમાં બહુ પ્રચાર અને પ્રસાર વધાર્યો છે. લોકો પોતાના આરોગ્ય વિશે વિચારતા થયા છે, અને એ મુજબનું જીવન જીવતા પણ થયા છે. છતાં દરેક પ્રકારના ભોગ એ તેમની પ્રથમ લાલસા હતી, અને કાયમ રહેશે! એટલે દ્રષ્ટિમાં ભોગની બદલે યોગની મહત્તા સમજાય તો સારું. અયોધ્યામાં રામ રાજ્ય હતું, ત્યારે પ્રજા હતી, એનાં કરતાં આજે ઘણી વસ્તી વધી ગઈ છે, અને આવાં સંજોગોમાં એક વ્યક્તિનાં, એટલે કે મુખિયાનાં ઈચ્છવાથી રામ રાજ્ય કયારેય શકય નથી, અને એ પણ જ્યાં હરક્ષણ એને પોતાની જાતને નિર્દોષ સાબિત કરતા જવાની હોય, ત્યારે તો બિલકુલ નહીં.

દેશના એક એક વ્યક્તિની રામ રાજ્ય વિશેની ઈચ્છા બળવત્તર બને, ત્યારે જ આ કાર્ય શક્ય બને, આમ જુવો તો અઘરું જરાય નથી! આજે તો હવે આવતી કાલનો પણ ભરોસો થઈ શકે નહીં, એવી ઘટનાઓ ઘટતી હોય છે. કુદરતી આપત્તિઓ થયાં જ કરે છે, પરંતુ પ્લેન ક્રેશ થવું, ટ્રેન પાટા પરથી ગબડી પડવી, બસ અકસ્માત થવો, ગાડીનો એક્સિડન્ટ થવો. અરે ઘરની બહાર નીકળીએ અને બળદ શિંગડું મારે, શાંતિથી ચાલ્યા જતાં હોઈએ, ત્યાં ફૂટપાથ પર ગાડી ચડી જાય, એવા કેટલાય એક્સિડન્ટ થાય. ઘરની અંદર પણ ગેસનો બાટલો ફાટવો, શોર્ટ સર્કિટ થવી, કે પછી ચાલતા ચાલતા પડી જઈએ, અને હેમરેજ થાય. આ ઉપરાંત આપણી ખાણી-પીણીની અને બાહ્ય પ્રદૂષણને કારણે પણ એટલી બધી બીમારીઓની તલવાર તોળાયેલી છે, અને મર્યા પછી આપણે કંઈ જ લઈ જઈ શકતા નથી, એ જ્ઞાન પણ આપણી પાસે છે. છતાં મારું મારું કરીને ક્યાં સુધી ભેગું કરીશું??? પરસ્પર પ્રીત કરવાનો પ્રભુએ આ અવસર આપ્યો છે, અને જે કંઈ થોડું ઘણું છે, એમાંથી કોઈના દુઃખ ઓછા થતાં હોય, તો કરીએ, આપણે ન કરી શકતા હોય તો અન્ય કોઈ કરે એમાં વિવાદ ન કરીએ, ન્યાયતંત્ર સફળ કાર્ય કરી શકે એ માટે તેમાં રુકાવટ ન બનીએ, કે પછી સ્વાર્થ માટે કાયદા ને તોડીએ નહીં, ગવાહની લે વેંચ બંધ કરીએ, અને આપણું આરોગ્ય જેટલું મહત્વ નુ છે, એટલું જ બીજાનું છે,એ વાત યાદ રાખી ધંધામાં ભેળસેળ ન કરીએ, તેમજ પ્રકૃતિમાં પ્રદૂષણ ઘટાડીએ, વધારીએ નહીં, આવી નાની વાતો અમલમાં મુકીશું તો, એકને એક દિવસ રામ રાજ્યની અવધારણા જરૂર સાચી પડશે. આપણે સૌ આ કાર્ય કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# વૃદ્ધાવસ્થામાં ડહાપણ ઘણાને આવે છે, પણ જુવાનીમાં જે ડાહ્યો થયો તે સાચો ડાહ્યો થયો તેવું કહી શકાય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

લોભ વધે એટલે ભોગ વધે, ભોગ વધે એટલે પાપ વધે. જ્યારથી લોકો માનવા લાગ્યા કે, પૈસાથી જ સુખ મળે છે ત્યારથી જગતમાં પાપ બહુ વધી ગયું છે. હિરણ્યાક્ષ ને મારવા વરાહઅવતાર થયો. હિરણ્યકશિપુને મારવા નૃસિંહ અવતાર થયો. હિરણ્યાક્ષ ભોગના લોભનો અને હિરણ્યક શિપુ એ લોભના ભોગનો અવતાર છે. કામ ને મારવા એક જ અવતાર લીધો છે. રાવણ-કુંભકર્ણને મારવા રામ ચંદ્રજીનો અવતાર. ક્રોધને મારવા પણ એક જ અવતાર શિશુપાળને મારવા શ્રીકૃષ્ણાવતાર. પરંતુ લોભ ને મારવા માટે બે અવતાર લેવા પડયા છે.વરાહાવતાર અને નૃસિંહાવતાર. તે બતાવે છે કે લોભ ને જીતવો બહુ જ મુશ્કેલ છે. વૃદ્ધાવસ્થામાં ડહાપણ ઘણાને આવે છે, પણ જુવાનીમાં જે ડાહ્યો થયો તે સાચો ડાહ્યો થયો કહેવાય. શક્તિ ક્ષીણ થાય ત્યારે કામ જાય તેમાં શું ગઢ જીત્યો? કોઈ ગણકારે નહીં ત્યારે ડોસાનો ક્રોધ જાય તેમાં શું નવાઈ? પણ આ લોભ છેવટે વૃદ્ધાવસ્થામાં પણ છૂટતો નથી. લોભ વગેરેના ફેલાવાથી પૃથ્વી દુઃખરૂપી સાગરમાં ડૂબી હતી. સત્કર્મમાં વિઘ્ન કરનાર લોભ છે, માટે લોભને સંતોષથી મારજો. લોભ સંતોષથી મરે, માટે સંતોષ કેળવો.વરાહ ભગવાને સંતોષનો અવતાર છે. વરાહાવતારએ યજ્ઞાવતાર છે. વર અહ એટલે શ્રેષ્ઠ દિવસ. શ્રેષ્ઠ દિવસ કયો? જે દિવસે તમારા હાથે સત્કર્મ થાય તે. શ્રેષ્ઠ કર્મ કરો એટલે દિવસ શ્રેષ્ઠ બનશે. જે કાર્ય થી પ્રભુ પ્રસન્ન થાય એ સત્કર્મ છે. સત્કર્મને યજ્ઞ કહે છે. સત્કર્મમાં વિઘ્ન કરનારો હિરણ્યાક્ષ છેએટલે કે લોભ છે. વરાહ ભગવાને પૃથ્વી જે સમુદ્રમાં ડૂબેલી હતી તેને સમુદ્ર માંથી બહાર કાઢી પરંતુ પૃથ્વીને પોતાની પાસે રાખી નથી. પૃથ્વી મનુને એટલે મનુષ્યોને સોંપી જે પોતાની પાસે આવ્યું તે બીજા ને આપી દીધું. આ સંતોષ છે. વરાહ ભગવાન યજ્ઞના દ્દષ્ટાંત રૂપ છે. યજ્ઞ કરવાથી ચિત્તશુદ્ધિ થાય છે.લોભ વગેરેનો નાશ કરી ચિત્ત શુદ્ધિ કરવાની છે. ચિત્તશુદ્ધિ થયા પછી



બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થાય છે. યજ્ઞપૂર્વક જીવન જીવો, એટલે જ્ઞાન મળશે. યજ્ઞાવતાર વગર જ્ઞાનાવતાર થતો નથી. કપિલ દેવ આવતા નથી.

અજ્ઞાનને દૂર કરવા યજ્ઞ કરવો. સત્ય બોલવું એ પણ યજ્ઞ છે. કર્મ એ ચિત્તશુદ્ધિ માટે, ભક્તિ એ મનની એકાગ્રતા માટે છે. જીવનમાં કર્મ, ઉપાસના અને થાન એ એણ ચત્તશુદ્ધિ માટે, બુદિત ચિત્ત શુદ્ધિ થયા પછી બ્રહ્મ જિજ્ઞાસા થાય છે. તૈયાર કરી. વરુણે કહ્યું, તું વરાહ નારાયણ સાથે યુદ્ધ કર.હિરણ પાણ વરાહ ભગવાન પાસે આવ્યો. તે વરાહ ભગવાનને કહે, તું ડુક્કર જેવો છે. વાહનારાયણ હિરણ્યાક્ષને કહે, તું કૂતરા જેવો છે. વરલાચાલીમાં મારામારી થાય છે. સર્વ પાપનું મૂળ વાણી છે. મનનો દોષ વાણી દ્વારા પ્રણ થાય છે. મુષ્ટિપ્રહાર કરી વરાહ ભગવાને હિરણ્યાક્ષનો વધ કર્યો અને પૃથ્વીનું રાજ્ય મનુ મહારાજ ને આપ્યું ને આજ્ઞા કરી કે, ધર્મથી પૃથ્વીનું પાલન કરો. પછી વરાહ ભગવાન બદરિનારા યણ સ્વરુપમાં લીન થયા. સમાજને સુખી કરવો તે મનુષ્ય માત્રનો ધર્મ છે. આ વાત વરાહ ભગવાને પોતાના આચરણ થી મનુષ્યોને શીખવી છે.

મનુષ્યનો જીવનમાં લોભ છે ત્યાં સુધી પાપ છે અને પાપ છે ત્યાં સુધી ધર્મ નથી. લોભને મારવા વરાહનારાયણના ચરણોનો આશ્રય કરજો. બુદ્ધિનો ઉપયોગ કેવળ અર્થોપા ર્જન કરવા માટે ન કરો. તેનો ઉપયોગ ઈશ્વરોપાસના માટે પણ કરો, નહીંતર પેલા ઝવેરીઓ જેવી દશા થશે.એક વખત એક રાજાના દરબારમાં એક ઝવેરાત આવ્યો. તેની પાસે એક હીરો હતો.આ હીરાની કિંમત કરવા માટે તમામ ઝવેરીઓને ભેગા કરવામાં આવ્યા દરેકે એ હીરાની કિંમત જુદી જુદી આંકી. રાજા નિરાશ થયો. તેવામાં એક ઝવેરી આવ્યો. હીરાની કિંમત નવ્વાણું લાખ રૂપિય બતાવી. રાજાએ પૂછ્યું, એક કરોડમાં એક લાખ ઓછા શા માટે? વૃદ્ધ ઝવેરી એ બીજા સો હીરા મંગાવી પેલા હીરાની આજુબાજુ ગોઠવી દીધા. તે હીરાની ચમક સોમાંથી નવ્વાણું હીરા પર પહેલ પણ એક હીરા પર ન પડી. વૃદ્ધ ઝવેરીએ કહ્યું, આટલા માટે મેં એની કિંમત એક લાખ રૂપિયા ઓછી આંકેલી. રાજા ખુશ થઈ કહે છે. મંત્રીજી. ઝવેરીને ઈનામ આપો! તે વખતે ત્યાં એક મહાત્મા બેઠેલા હતા. તેણે ઊભા થઈ કહ્યું કે,એ ઝવેરી ના માથા ઉપર રાખ નાખો!એ કેવળ મર્ખ છે!

મહાત્માને એનું કારણ પૂછવામાં આવ્યું. મહાત્મા એ કહ્યું, ઝવેરીએ ભગવાને આપેલી બુદ્ધિનો ઉપયોગ કેવળ પથરાની કિંમત કરવામા કર્યો છે. ઈશ્વરનું ભજન કરવા માટે કર્યો નથી. જે બુદ્ધિનો ઉપયોગ તેણે કર્યો તે બુદ્ધિનો ઉપયોગ ઈશ્વરે પથરાને ઓળખવા માટે કર્યો હોત તો તેનો ઉદ્ધાર થઈ જાત. ભલે તેને તમ પથરાને ડાહ્યો માનો. હું તેને મૂર્ખ માનું છું. મનુષ્યના શરીર માં નવ છિદ્રો છે.તે વાટે જ્ઞાન બહાર નીકળી જાય છે. ઈન્દ્રિયોમાંથી જ્ઞાન બહાર ન નીકળી જાય તે માટે ઈન્દ્રિયોને ઈશ્વરને માર્ગે વાળો. ઈન્દ્રિયોનો નિરોધ કરો અને ઈન્દ્રિયોને પ્રભુ માર્ગમાં વાળો. તૃતીય સ્કંધમાં બે પ્રકરણો છેઃ પૂર્વ મિમાંસા અને ઉત્તર મિમાંસા. પૂર્વ મિમાંસામાં શાહનારાયણની અવતારની કથા કહી છે. ઉત્તર મિમાંસામાં કપિલ નારાયણના ચરિત્રનું વર્ણન કર્યું છે. યજ્ઞ કર્યા વગર કપિલ નારાયણની વિદ્યા બુદ્ધિમાં સ્થિર થતી નથી. કાયા, વાણી, મનથી કોઈને દુભાવવું નહીં તે યજ્ઞ છે. સત્ય બોલવું તે પણ યજ્ઞ છે. સદાસર્વદા પ્રસન્ન રહેવું એ પણ પણ છે. યજ્ઞ વિના, સત્કર્મ વિના ચિત્તશુદ્ધિ થતી નથી અને ચિત્તશુદ્ધિ વગર જ્ઞાન ટકતું નથી. માનવશરીર એ ઘડો છે. આ ઘડાને નવ છિદ્રો છે. ઘડામાં છિદ્રો હોય તો ઘડો ભરાય નહીં.એક-એક છિદ્રમાંથી અનેક વખત વિકાર વાસનાના વેગમાં જ્ઞાન વહી જાય છે. જ્ઞાન થવું એ અઘરું નથી.પણ આવેલું જ્ઞાન ટકતું નથી. જ્ઞાનને ટકાવવા ઈન્દ્રિયોમાંથી વહી જતી બુદ્ધિશક્તિને અટકાવવાની છે. જ્ઞાનીઓ ઈન્દ્રિયોને વિષયોમાંજતી અટકાવે છે.

ત્યારે વૈષ્ણવો તેનેપ્રભુ ના માર્ગમાં વાળે છે. આજે જ્ઞાન બધું પુસ્તકમાં રહ્યું છે, મસ્તકમાં રહ્યું નથી. પુસ્તકોની પાછળ પડે ચોવિ જ્ઞાન અને પ્રભુ પ્રેમમાં પરમાત્માની પાછળ પડે તે સંત. વિદ્વાન શાસ્ત્ર પાછળ દોડે છે, ત્યારે પણ સંતની પાછળ દોડે છે. શાસ્ત્રો વાંચીને જે બોલે તે વિદ્વાન પ્રભુને રિઝવીને પ્રભુપ્રેમમાં બાલ થયેલો જે બોલે તે સંત. ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે, હૃદયમાં સાત્ત્વિક ભાવ જાગે, મન શુદ્ધ થાય, એટલે કિમમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે. મીરાં બાઈ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયાં નથી. વિક્રમ મહારાજ પણ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયા નથી. વ્યારણ્યાક્ષનો વધ, પછી કપિલ ભગવાન આવે છે જાલનનો શત્રુ છે હિરણ્યાક્ષ. ભાગવતમાં જે અવતારનો ક્રમ બતાવ્યો છે તેમાં પહેલાં.તો જવાબ મળશે કે લાયક નથી.એટલા માટે થાય છેકે,મનુષ્ય માને છે કે પ્રભુએ મને જ મારા મન ને પૂછશો કે ઈશ્વરે મને જે સંપત્તિ-સુખ આપ્યાં છે તેને હું લાયક છું કે નહીં? મોફ આપ્યું છે. માત અને ઉત્તાનપાદ.ત્રણ કન્યા ઓ થઈ.તેમનાં નામો આકૃતિ દેવ હતિ તથા પ્રસૂતિ. તેમાં સ્વયંભુવ મનુની રાણીનું નામ શતરૂપા. મનુ મહારાજને ત્યાં બે બાળકો થયાં. તેમનાં નામો મફતિ રુચિને,દેવહુતિ કર્દમને અને પ્રસૂતિ દક્ષને પરણાવી દેવહુતિનું લગ્ન કર્દમ ઋષિ સાથે થયું શ્રી તેમને ત્યાં કપિલ ભગવાન પધાર્યા. વિદુરજી પ્રશ્ન કરે છેકે,હે મૈત્રેયજી, આ કપિલ ભગવાનની કથા મને કહો. મૈત્રેયજી કહે છે,કપિલ બ્રહ્મ જ્ઞાનનું સ્વરૂપ છે.કર્દમ થશો તો તમારે ઘરે કપિલ આવશે. કર્દમ એટલે કરદમ. ઈન્દ્રિયોનું દમન કર. ઈન્દ્રિયોનું દમન કરે એ કર્દમ. કર્દમ એટલે જિતેન્દ્રિય શરીરમાં સત્ત્વ ગુણની વૃદ્ધિ થાય એટલે આપો આપ જ્ઞાનનો ઝરો ફૂટે છે, જ્ઞાન પ્રગટે છે. જ્ઞાનની પ્રાપ્તિ શરીરમાં સત્ત્વગુણ વધવાથી થાય છે. સત્ત્વગુણ શુદ્ધ આહાર,શુદ્ધ આચાર,શુદ્ધ વિચાર થી વધે છે. સંયમથી-સદાચારથી સત્ત્વગુણ વધવાથી અંદરથી જ્ઞાન સ્ફુરણ થાય છે. જીભ સુધરે તો જીવન સુધરે છે.લૂલી માગે તે તેને આપશો નહીં. બે-ચાર મિનિટમાં ઊંઘ આવશે એમ લાગે ત્યારે જ પથારીમાં પડો. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી, ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે દરરોજ સવારે કંઈક મેળવવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આજે જે કંઈક મેળવ્યું તે તમારી સમક્ષ રજુ કરેલ છે ક્યાંય ભૂલ ક્ષતિ જણાય તો સુધારીને આગળ વધવું બહુ મજા આવશે. સૌનું કલ્યાણ થાઓ તેવી શુભેચ્છા સહ અસ્તુ.

# રિબેલ સ્ટારે ધ રાજા સાબ મુવીનો ફર્સ્ટ લુક શેર કર્યો હતો



**પ્રભાસના ફેન્સ માટે ખુશખબર**




સાઉથના સુપર સ્ટાર પ્રભાસની સાલાર પાર્ટ ૧ સીઝફાયર હાલમાં રિલીઝ થયેલી ફિલ્મોમાંથી એક છે. આ મુવીએ ધમાકેદાર કમાણી કરીને બધાને ચોંકાવી દીધા છે. સાલારની કહાની અને સ્ટાર કાસ્ટ રિલીઝ પછી પણ સતત ચર્ચામાં છે. સાલાર મુવીએ બોક્સ ઓફિસ પર છપ્પરફાડ કમાણી કરી છે. આ ફિલ્મ હિટ થયા પછી પ્રભાસની કિસ્મત ફરી એક વાર ચમકી ગઈ છે. જો કે ગયા વર્ષે પ્રભાસની આદિપુરુષની ફિલ્મ ફલોપ રહી હતી. હવે પ્રભાસે સાલારથી દમદારથી પાછી વાપસી કરી છે. આ વચ્ચે પ્રભાસની અપકમિંગ ફિલ્મને ધમાકેદાર અપડેટ સામે આવી છે. સાલાર પાર્ટ ૧ સીઝફાયરની સફળતા પછી સાલાર સ્ટારે એમની અપકમિંગ ફિલ્મ **The raja saab** નું એનાઉસમેન્ટ કંઈક હટકે રીતે કર્યુ છે. ફિલ્મ **The raja saab** પીપલ મિડીયા ફેક્ટ્રી બેનર હેઠળ નિર્દેશક મારુતિની એક ધમાકેદાર રોમેન્ટિક હોરર ફિલ્મ છે. આ ફિલ્મ તમિલ, કન્નડ, મલયાલમ, તેલુગુ અને હિન્દીમાં રિલીઝ થશે. સાઉથ સુપરસ્ટાર પ્રભાસે એમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પોસ્ટરની સાથે **The raja saab** ની અપડેટ શેર કરી છે. **The raja saab**માં પ્રભાસ લુંગી લહેરાવતો જોવા મળી રહ્યો છે. પ્રભાસનો આ લુક ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. લોકોને પ્રભાસનો આ અંદાજ ખૂબ પસંદ પડી રહ્યો છે. એક્ટરે ફિલ્મ **'The raja saab'**નું પોસ્ટર શેર કરીને કેપ્શનમાં લખ્યુ છે કે આ તહેવારની સિઝનમાં **'The raja saab'**ની પહેલી ઝલક દેખાડીશું. તમને જણાવી દઈએ કે લોકપ્રિય ડાયરેક્ટ મારુતિ પ્રભાસની આ ફિલ્મને ડાયરેક્ટ કરશે. ફિલ્મનું સંગીત રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા સંગીતકાર થમન એસ દ્વારા તૈયાર કરવામાં આવ્યુ છે. આમ, વાત કરવામાં આવે તો પ્રભાસના આ બિગ એનાઉસમેન્ટથી લોકો ખુશ-ખુશ થઈ ગયા છે. પ્રભાસની આ ફિલ્મ રિલીઝ થતાની સાથે જ ધમાકેદાર કમાણી કરશે એવું લાગી રહ્યુ છે. પ્રભાસની અનેક ફિલ્મો લાઈનમાં છે. આ લિસ્ટમાં કલ્કિ ૨૮૯૮ નું નામ પણ શામેલ છે. આ મુવીમાં દિપીકા પાદુકોણ પણ નજર પડશે. આમ, તમને જણાવી દઈએ કે ફિલ્મ **'The raja saab'**ના પ્રોડક્શનની જવાબદારી ટીઝી વિશ્વ પ્રસાદે ઉઠાઈ છે.

### આ ફિલ્મ શૂટ કરવામાં ૨ દિવસ લાગ્યા હતા

# સની દેઓલના ૩ મિનિટના ૧ સીનને કારણે આખી ફિલ્મ ચમકી ગઈ હતી

## દર્શકોને સનીની ફિલ્મ અર્જુન ખૂબ જ પસંદ આવી હતી અને વર્ષ ૧૯૮૫માં આ ફિલ્મ બોક્સ ઓફિસ પર છઠ્ઠી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ હતી



સની દેઓલનું નામ આજે પણ બોલિવૂડના દિગ્ગજ કલાકારોની યાદીમાં સામેલ છે અને આ જ કારણ છે કે તે આખી દુનિયામાં ખૂબ જ લોકપ્રિય છે. સની દેઓલ છેલ્લા ૪૦ વર્ષથી સતત પોતાના દમદાર અભિનયથી લોકોના દિલ જીતી રહ્યો છે, જોકે તેણે તેની કારકિર્દીના મધ્યમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે. સની દેઓલે તેની કારકિર્દીમાં બોક્સ ઓફિસ પર અત્યાર સુધી ઘણી ફિલ્મો આપી છે, જેમાંથી કેટલીક એવી ફિલ્મો છે જેને તમે જેટલી વખત જોશો મન ભરાશે નહીં. સનીની આવી જ એક ફિલ્મ વર્ષ ૧૯૮૫માં રિલીઝ થઈ હતી, જેનું નામ હતું 'અર્જુન'. રીલિઝ સાથે જ સનીની ફિલ્મ 'અર્જુન' બોક્સ ઓફિસ પર સફળ રહી હતી, જેમાં ડિમ્પલ કાપડિયા સની સાથે મુખ્ય ભૂમિકામાં જોવા મળી હતી. દર્શકોને સનીની ફિલ્મ 'અર્જુન' ખૂબ જ પસંદ આવી હતી અને વર્ષ ૧૯૮૫માં આ ફિલ્મ બોક્સ ઓફિસ પર છઠ્ઠી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ બની હતી. આ ફિલ્મ સાથે જોડાયેલી એક ઘટના પણ છે, જેના વિશે બહુ ઓછા લોકો જાણે છે. ખરેખર, આ ફિલ્મમાં એક આઈકોનિક સીન છે જેમાં ગુંડાઓ સની દેઓલના મિત્રને મારવા આવે છે. આ દ્રશ્યમાં ભારે વરસાદ વરસતો હોય છે. જ્યારે સેટ પર ૧૦૦૦ લોકો બે-બે છત્રી સાથે ઉભા હોય છે. આ સીનમાં છત્રીઓ વચ્ચેથી પસાર થઈને સનીને તેના મિત્રને ભગાડવાનું હતું, પરંતુ તે જેટલું સરળ લાગે છે, તેટલું જ તેને શૂટ કરવું મુશ્કેલ હતું. જો મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો ૩ મિનિટના આ સીનને શૂટ કરતી વખતે ડિરેક્ટરને પરસેવો છૂટી ગયો હતો. આ સીનને શૂટ કરવામાં ૨ દિવસનો સમય લાગ્યો હતો, કારણ કે જ્યારે સની દેઓલ તેના મિત્ર સાથે વરસાદમાં નીકળતો ત્યારે તે હજારો છત્રીઓની વચ્ચે ફસાઈ જતો હતો. આ સીન ખૂબ જ મુશ્કેલીથી શૂટ કરવામાં આવ્યો હતો અને ફિલ્મ રિલીઝ થયા બાદ ૩ મિનિટનો આ સીન ફિલ્મનો જીવ બની ગયો હતો. તમને જણાવી દઈએ કે, આ ફિલ્મ મુંબઈના એક નિમ્ન મધ્યમ વર્ગના પરિવારના અર્જુન માલવણકર (સની દેઓલ) નામના શિક્ષિત પરંતુ બેરોજગાર વ્યક્તિ વિશે હતી. તેમાં તેના મિત્રોનું એક જૂથ દર્શાવવામાં આવ્યું છે જેઓ બેરોજગાર છે અને તે બધા એક એવી સિસ્ટમથી હતાશ છે જે ભ્રષ્ટાચાર અને નબળા લોકોનું શોષણ કરે છે. આ એક્શનથી ભરપૂર ફિલ્મનું નિર્દેશન રાહુલ રવૈલે કર્યું હતું. આ ફિલ્મ સની દેઓલની બેસ્ટ ફિલ્મ હોવાનું કહેવાય છે, જે પાછળથી તમિલમાં સત્ય તરીકે, તેલુગુમાં ભરતમલો અર્જુનુડુ તરીકે, કન્નડમાં સંગ્રામ તરીકે અને સિંહલીમાં સુરાનીમાલા નામથી બનાવવામાં આવી હતી.

# BB17 : સુશાંત વિશે વાત કરવાનું બંધ કર




અંકિતા લોખંડે ઘણીવાર 'બિગ બોસ ૧૭'ના ઘરમાં તેના એક્સ બોયફ્રેન્ડ સુશાંત સિંહ રાજપૂત વિશે વાત કરતી જોવા મળે છે. પરંતુ તેના પતિ વિકી જૈનના પરિવારને અંકિતા આ રીતે સુશાંત વિશે વાત કરે તે પસંદ નથી. આ જ કારણ છે કે અંકિતા લોખંડેની માતાએ તેની પુત્રીને ચેતવણી આપી છે કે તે શોમાં તેના એક્સ બોયફ્રેન્ડ વિશે વાત ન કરે. બિગ બોસમાં શરૂ થયેલા 'ફેમિલી સ્પેશિયલ વીક'માં અંકિતા લોખંડેની માતા વંદના લોખંડેએ સૌથી પહેલા ઘરમાં એન્ટ્રી કરી હતી. પોતાની પુત્રી સાથે સમય વિતાવતી વખતે અંકિતાની માતાએ તેને વિકી સાથે નમ્રતાથી વર્તન કરવાની સલાહ આપી હતી. નેશનલ ટીવી પર આ રીતે બંને એકબીજા સાથે ઝઘડતા બહાર સાવ ખોટો મેસેજ આપી રહ્યા છે. આ દરમિયાન વંદના લોખંડેએ તેની પુત્રીને સમજાવતા એમ પણ કહ્યું કે અંકિતાએ તેના એક્સ બોયફ્રેન્ડ સુશાંત સિંહ રાજપૂત વિશે વાત કરવાનું બંધ કરી દેવું જોઈએ, કારણ કે હવે વિકી જૈન તેનો પતિ છે અને તે સુશાંત વિશે આ રીતે વાત કરે છે તે વિકીના પરિવારને પસંદ નથી. તેની માતાની વાત સાંભળ્યા બાદ અંકિતા લોખંડેએ આ સમગ્ર મામલે ખુલાસો કરવાનો પ્રયાસ કર્યો હતો. અંકિતાએ કહ્યું કે મેં ક્યારેય સુશાંત વિશે આટલી વાત કરી નથી, મુનાવર અને અભિષેક મને તેના વિશે પૂછતા રહે છે અને અભિષેક સુશાંતનો મોટો ફેન છે. હું ફક્ત તેને કહું છું કે તે કેટલો ટેલેન્ટેડ હતો. પરંતુ અંકિતાની માતાએ તેની પુત્રીને રોકી અને કહ્યું કે તે આ વિશે વધુ વાત કરવા માંગતી નથી અને અંકિતાએ પણ હવેથી ખાસ ધ્યાન રાખવું જોઈએ. તેની માતાની વાત સાંભળીને અંકિતાએ પણ તેને કહ્યું કે તે ભવિષ્યમાં આવી વાત નહીં કરે અને તે પૂરી કોશિશ કરશે કે વિકીના પરિવારને તેની હરકતોથી કોઈ પ્રકારની શરમ ન અનુભવાય.

# હું જઈ રહી છું તારી જિંદગીમાંથી : અંકિતા



સલમાન ખાનના રિયાલિટી શો બિગ બોસ સીઝન ૧૭માં એક્ટ્રેસ અંકિતા લોખંડે અને તેના પતિ વિકી જૈન વચ્ચેનો ઝઘડો ઓછો થવાનું નામ નથી લઈ રહ્યો. છેલ્લા કેટલાક સમયથી બંને વચ્ચે ઘણી મોટી લડાઈઓ થતી જોવા મળી રહી છે. પરંતુ હવે જે નવો પ્રોમો આવ્યો છે તે જોઈને અંકિતા અને વિકીના ફેન્સને મોટો ઝટકો લાગી શકે છે. વીડિયોમાં અંકિતા ખૂબ મોટી વાત કહેતી જોવા મળી રહી છે. આ રિયાલિટી શોના નવા પ્રોમોમાં અંકિતા લોખંડે અને વિકી જૈન એકબીજા સાથે દલીલ કરતા જોવા મળે છે. આ દરમિયાન વાત એટલી હદે વધી જાય છે કે જતી વખતે અંકિતા ગુસ્સામાં કહે છે, "હું જઈ રહી છું તારી જિંદગીમાંથીપ હવે તું જ જોજે તારે શું કરવું છે. હંમેશા એક જ વાત કહેતા રહો બસ. નવા પ્રોમોમાં જોવા મળે છે કે અંકિતા વિક્કીને વાસણો ધોવા કહે છે. આના પર વિકી કહે છે કે તું મને આવું કેમ કહે છે. આ પછી અંકિતાએ ટોકવાનું કારણ જણાવ્યું. વિકી કહે છે કે તું કેપ્ટનની જેમ જવાબદારી ન લો, તે કહ્યું હતુ હું સાંભળીને કરી લઈશ. આ દરમિયાન વિકી કહે છે કે જો તું બોલીશ તો ઝઘડો થશે, તેથી બોલીશ નહીં કારણ કે તું કેપ્ટન નથી. આ પછી જ્યારે કિચનમાં વિકી વાસણો સાફ કરી રહ્યો હતો, ત્યારે બંને વચ્ચે ઝઘડો શરૂ થઈ જાય છે. વિકી કહે છે, "હું બે લોકો સાથે બેઠો છું અને વાત કરું છું, ઘરમાં કુલ સાત લોકો બાકી છે." આના પર અંકિતા કહે છે કે આ મારી આદત છે. તમે એક વ્યક્તિ સાથે બેસીને વાત કરો તો પણ આ મારી આદત છે.

આનો વિકી ગુસ્સામાં જવાબ આપે છે, "હવે છૂટી જશે (આદત)." અંકિતાની આદતને વિકી જ્યારે ખોટી કહે છે, ત્યારે અંકિતા કહે છે કે તે તેને સુધારવા માટે અંદર આવી હતી. અંકિતા કહે છે કે આજે તમે ફક્ત ઝઘડો છો. તમને ખબર નથી કે શું થયું છે. વિકીએ આરોપ લગાવ્યો છે કે અંકિતાએ તેને બે લોકોની સામે શરમ અનુભવી. પરંતુ તે આ આરોપોને નકારે છે. આ પછી અંકિતા ગુસ્સામાં હાથ જોડીને માફી માંગીને ત્યાંથી નીકળી જાય છે. આ સમય દરમિયાન તેને કહ્યું, "હું તારી સાથે ફરી ક્યારેય વાત કરવા માંગતી નથી. હું જાઉં છું. હું તારી તારી જિંદગીમાંથી જાઉં છું."



**નાગાર્જુનની ફિલ્મના સામી રંગા ટૂંક સમયમાં રિલીઝ થવાની છે, આ મલયાલમ ફિલ્મની રિમેક છે**

### નાગાર્જુન પરિવાર સાથે માલદીવ વેકેશન માટે જવા માગતો હતો

# સાઉથ સુપરસ્ટાર નાગાર્જુને માલદીવ ટ્રીપ કેન્સલ કરી

માલદીવ પરની ચર્ચાનો અંત આવી રહ્યો નથી. **#Boycott-Maldives** સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યું છે. આ દરમિયાન સાઉથના ફેમસ સુપરસ્ટાર નાગાર્જુને પણ તેની માલદીવ ટ્રીપ કેન્સલ કરી દીધી છે. તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે માલદીવ ટ્રિપ કેન્સલ કરવાનું કારણ જણાવી રહ્યો છે. નાગાર્જુન પોતાના પરિવાર સાથે માલદીવ વેકેશન માટે જવા માગતો હતો. પરંતુ હવે તેણે પોતાનો વિચાર બદલી નાખ્યો છે. તે માલદીવના બહિષ્કારના વલણ સાથે સહમત છે અને આ સંબંધમાં તેણે પોતાનો પ્રવાસ રદ કર્યો છે. નાગાર્જુનના કહેવા પ્રમાણે, તે છેલ્લા કેટલાક સમયથી ફિલ્મોમાં ખૂબ વ્યસ્ત હતો અને તેથી તે પોતાના પરિવાર સાથે સમય પસાર કરી શક્યો ન હતો. આવી સ્થિતિમાં તેણે વેકેશન માટે માલદીવ પસંદ કર્યું હતું પરંતુ હવે તે ત્યાં જઈ રહ્યો નથી. નાગાર્જુન દ્વારા સામે આવેલા વીડિયોમાં તે તેના માલદીવ પ્રવાસ વિશે વાત કરતો જોવા મળે છે. તેના કહેવા પ્રમાણે, 'હું ૧૭ જાન્યુઆરીએ માલદીવમાં રજાઓ પર જવાનો હતો કારણ કે હું પરિવાર માટે સમય કાઢી શક્યો ન હતો. હું 'ના સામી રંગા' અને 'બિગ બોસ'માં વ્યસ્ત હતો અને છેલ્લા ૭૫ દિવસથી કોઈ બ્રેક લીધો ન હતો. મેં માલદીવની મારી ટિકિટો કેન્સલ કરી દીધી છે અને હવે આવતા અઠવાડિયે લક્ષદ્વીપ જવાની યોજના બનાવી રહ્યો છું. ત્યાંના મંત્રીઓએ આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂદ્ધ ટીપ્પણીઓ કરી જે વાંધાજનક હતી અને તેમને તેની કિંમત ચૂકવવી પડશે. પીએમ મોદી ૧.૫ અબજ લોકોના નેતા છે અને સમગ્ર વિશ્વમાં તેમનું ખૂબ સન્માન છે.

# રોહિત શેટ્ટીએ સિંઘમ અગેનના સેટ પરથી ફેન્સ માટે શેર કર્યો ધમાકેદાર વિડીયો

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના મોસ્ટ પોપ્યુલર ડાયરેક્ટર રોહિત શેટ્ટી જબરજસ્ત એક્શન ફિલ્મો માટે જાણીતા છે. રોહિત શેટ્ટીની દરેક ફિલ્મોમાં ઉડતી ગાડીઓ તમને જરૂર જોવા મળશે. ખાસ વાત તો એ છે કે મેકર્સ કંઈક હટકે રીતે જ બનાવે છે. આ દિવસોમાં રોહિત શેટ્ટી એમની ધમાકેદાર એક્શન અપકમિંગ ફિલ્મ સિંઘમ અગેનના શૂટિંગમાં વ્યસ્ત છે. અજય દેવગન સ્ટારર સિંઘમ અગેનને જોવા માટે ફેન્સ સુપર ક્રેઝી છે. જો કે આ વચ્ચે રોહિત શેટ્ટીએ મકર સંક્રાતિના દિવસે એમની ફિલ્મ સિંઘમ ૩ના શૂટિંગની એક ઝલક બતાવતા લોકોને શુભકામનાઓ પાઠવી છે. ડાયરેક્ટર રોહિત શેટ્ટીએ સિંઘમ ૩નો એક ધમાકેદાર વિડીયો શેર કર્યો છે, જેમાં તમે સળગતી કારને હવામાં ઉડતી જોઈ શકો છો. સોશિયલ મિડીયામાં સિંઘમ અગેનના શૂટિંગનો વિડીયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયો કરતા પણ વધારે એનું કેપ્શન યુઝર્સની વચ્ચે ચર્ચાનો વિષય બન્યો છે. રોહિત શેટ્ટીએ એકદમ ખાસ અંદાજમાં લોકોને મકર સંક્રાતિની શુભકામના પાઠવી છે. કેપ્શનમાં લખ્યુ છે કે હેપ્પી મકર સંક્રાતિ..તમે લોકો પતંગ ઉડાવો અને હું..મારું કામ..એક્શનપનાઈટ શૂટથી લગાવ છેપહૈદરાબાદ. ફિલ્મ સિંઘમ ફેન્ચાઈઝીના ત્રીજા પાર્ટ માટે લોકો રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ પોલીસ યુનિવર્સનો હિસ્સો છે જેના ડાયરેક્ટર રોહિત શેટ્ટી છે. આ ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યુ છે અને નિર્દેશકે એક પાવર પેક સ્ટંટની એક ઝલક શેર કરીને લોકોનું એક્સાઈટમેન્ટ વધારી દીધુ છે. રોહિત શેટ્ટી કારથી શૂટ કરતા જોવા મળી રહ્યા છે, જેમાં કાર આગમાં સળગતી દેખાઈ રહી છે. રોહિત શેટ્ટીની અપકમિંગ ફિલ્મ સિંઘમ અગેનની ઘાંસૂ અને ધમાકેદાર એન્ટ્રી થશે. આ ફિલ્મમાં એક નહીં પરંતુ ૬ સુપર સ્ટાર એક સાથે જોવા મળશે. ફિલ્મની કહાની પહેલાંથી પણ વધારે દમદાર અને મસાલેદાર હશે. દિપીકા પાદુકોણ, રણવીર સિંહ, ટાઈગર શ્રોફ, અક્ષય કુમાર અને કરિના કપૂરનો લુક પહેલાંથી સામે આવી ગયો છે. આ સાથે હવે અજય દેવગનનો પણ ઘાંસૂ લુક જોવા મળી ગયો છે.



**ફિલ્મ સિંઘમ ફ્રેન્ચાઇઝીના ત્રીજા પાર્ટ માટે લોકો પણ રાહ જોઇ રહ્યા છે, આ ફિલ્મ પોલીસ યુનિવર્સનો હિસ્સો છે**

# ઝાલોદ નગરની ૧૦૮ની ટીમ દ્વારા સગર્ભા મહિલાની ઇમર્જન્સીમાં સફળતા પૂર્વક પ્રસૂતિ કરાવવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

તા. ૧૫/૦૧/૨૦૨૪ ઝાલોદ તાલુકાના ઝાલોદ મુવાડા ગામના સ્થાનિક સગર્ભા મહિલાને પ્રસુતિની પીડા ઉપડતા ૧૦૮ ની મદદ લેવામાં આવી હતી ત્યારે ઝાલોદ ૧૦૮ની ટીમને રાત્રીના ૦૧:૫૬ ને કેસ મળતાની સાથેજ તાત્કાલિક ઝાલોદ મુવાડા ગામે પહોંચી સગર્ભા મહિલાને તપાસતા પ્રસૂતિનો દુખાવો થતો હતો અને ૧૦૮ના Emergency medical Technician આશિષ કે ડામોર અને pilot અર્જુન કટારા તેમજ રસ્તો ખરાબ હોવાના કરારણથી સગર્ભા બેનના ઘરે એમ્બ્યુલન્સ જય સકે તેમ નોતી સ્પ ઈન બોડ લઈને ઘરે પહોંચ્યા અને ડિલિવરી કરાવવાની ફરજ પડતા બેનને ઘરેજ પ્રસૂતિ કરાવવી પડીતા પ્રસૂતિ કરાવતા બાળકના ગળામાં (બે) ગર્ભ નાળ વીંટળાયેલ હતી અને ERCP ફિજીસિયન ડોક્ટર કૃષ્ણાના માર્ગદર્શન થી બેનના ઘરેજ બહુ કાળજી પૂર્વક નોર્મલ પ્રસૂતિ કરાવેલ છે અને સારવાર આપતા આપતા સરકારી દવાખાના


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઝાલોદ ના ડોક્ટર જયરાજ દેવધાને બધી તકલીફ જણાવી અને માતા અને બાળકને દાખલ કરીને ત્યાથી રવાના થયા આ રીતે ૧૦૮ ની ટિમ દ્વારા એક માનવતાનું ઉદાહરણ પૂરું પાડયું હતું.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગના સંચાલકે દોરીઓના ગુચ્છાઓ એકઠા કરીને નાશ કર્યા


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ કાર્યરત છે જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે. જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર મકવાણાએ ઉતરાયણ પર્વ પર આજુબાજુ વિસ્તારમાંથી પડેલા દોરાઓના ગુચ્છ વેણીને ભેગી કરીને નાશ કરવામાં આવી હતી. પક્ષીઓને કોઈ પણ જાતનું નુકશાન ન થાય અને પર્યાવરણ બચાવી શકાય તે હેતુસર આજુબાજુ વિસ્તારમાંથી ગુચ્છો ભેગી કરીને નાશ કરવામાં આવી હતી.

# અયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા અન્વયે મારું ઝાલોદ નગર અયોધ્યા ધામ અંતર્ગત વિવિધ ધાર્મિક પ્રોગ્રામનું આયોજન

## નગરના કારસેવક શહિદ રાજેશ સોનીને સાચી શ્રધ્ધાંજલી આપવા નગરના યુવાઓમા જોવાતો અનેરો ઉત્સાહ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ નગર આઝાદીના આંદોલન હોય કે નવનિર્માણ આંદોલન હોય કે રામ જન્મભૂમીના આંદોલનમાં સદા અગ્રેસર જ રહ્યું છે. હાલ સર્વત્ર અયોધ્યા રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાને લઈને દેશ અને દુનિયામાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે સને ૧૯૯૨ માં અયોધ્યાની કારસેવામાં પણ ઝાલોદનો નવલોહીયો યુવાન રાજેશ રમણલાલ સોની કારસેવા દરમ્યાન વીરગતિ પામ્યો હતો .

ઝાલોદના લુહારવાડામાં રહેતા અને સરકારના જમીન સંરક્ષણ ખાતામાં નોકરી કરતા સામાન્ય પરિવાર રમણલાલ જાદવલાલ સોનીના કુલ બે દીકરી અને ત્રણ દીકરા પૈકી ત્રીજા નંબરે માતા સરોજબેન સોનીની કુખે ૨૫મી ડિસેમ્બર ૧૯૭૪ ના રોજ જન્મેલ રાજેશ વિદ્યાર્થીકાળથી જ રા.સ્વ.સંઘ ની શાખાનો સ્વયં સેવક હતો .

સરળ સ્વાભાવ અને સૌને સહાયરૂપ બનવાના સ્વાભાવને કારણે રાજેશ ગામમાં “ભોંજી ‘ના હુલામણા નામ થી સૌને પ્રિય હતો.. ધોરણ -૧૦ ની પરીક્ષા આપ્યા પછી રાજેશ સ્થાનિક પ્રેસમાં છૂટક કામ કરતો હતો ..સને ૧૯૯૨ માં અયોધ્યા ખાતે કારસેવા નું આંદોલનમાં ઝાલોદ થી સ્થાનિક અગ્રણીઓ હર્ષદભાઈ મહેતા, જીતેન્દ્રભાઈ દરજી, અને ગજેન્દ્રભાઈ પંચાલ ની ટીમ તારીખ ૧ ડિસેમ્બરની સાંજે અયોધ્યા ખાતે જવાના હોઈ તેમની વિદાય માટે દાહોદ રેલવે સ્ટેશન પર સ્થાનિક કાર્યકર્તા ઓની ટીમ ગઈ હતી, આજ ટીમની સાથે રાજેશ પણ દાહોદ ગયો હતો અને દાહોદ રેલવે સ્ટેશનનો રામમય માહોલ જોઈને રાજેશે અયોધ્યા ખાતે જવાની ઈચ્છા વ્યક્ત કરતા સ્થાનિક કાર્યકરો દ્વારા પરિવારની સહમતી લઈને જરૂરી કાર્યવાહી કરીને મિત્રોના આર્થિક સહયોગ થકી રાજેશ પણ ઝાલોદ નગરની કારસેવકની ટીમમાં ચોથા કારસેવક અયોધ્યા જવા રવાના થયો હતો. બાદમાં ૬ઠી ડિસેમ્બર ના રોજ સાંજના સમયે સ્થાનિક કાર્યકરોને રાજેશ સોનીએ કારસેવા દરમ્યાન દીવાલ ધસી પડતા પ્રાણ ગુમાવ્યાના સમાચાર મળ્યા હતા....તે સમયે દુરસંચારની વ્યવસ્થાઓ આજના જેટલી ઝડપી ન હોવાથી મળેલ સમાચારની ખાત્રી કરવામાં આખા દિવસનો સમય પસાર થઈ ગયો હતો અને મોડી રાત્રીના ખાત્રી થતાની સાથે સ્થાનિક કાર્યકરોએ વી.હી.પ ના રાજ્યના અને કેન્દ્રના નેતૃત્વ પાસે રાજેશના પાર્થિવ શરીરને ઝાલોદ લાવીને વતનમાં જ અંતિમ સંસ્કાર કરવાની માંગણી મૂકી હતી. અનેક મથામણ બાદ રોડ માર્ગે એમ્બ્યુલન્સ દ્વારા રાજેસના પાર્થિવ શરીર ને ઝાલોદ લાવવાનું નક્કી થયું ....અયોધ્યા થી ઝાલોદ આવવામાં લગભગ બે દિવસ થવાના હોઈ રાજેસના પાર્થિવ દેહને ઝાલોદ અંતિમ સંસ્કાર માટે લાવવાના સમાચાર સમગ્ર રાજ્યમાં પ્રસરી જતા જ્યારે રાજેસનું




પાર્થિવ શરીરને લઈને કાફલો ઝાલોદમાં આવ્યો ત્યારે તો રાજેસના અંતિમ દર્શન માટે લોકસાગર ઝાલોદમાં ઉમટી પડ્યો અને કીડીયારની જેમ માનવ મહેરામણ ઉભરાયું જે ઘટના ઝાલોદના ઈતિહાસમાં રાજેસની અંતિમયાત્રા નો દિવસ સોનેરી અક્ષરે અંકિત થઈ ગયો અને રાજેશ સોનીનું નામ શ્રીરામ જન્મભૂમી આંદોલનમાં હુતાત્મા તરીકે સોનેરી અક્ષરે અંકિત થઈ ગયું .રાજેશ સોનીના સાથી કાર્યકરો અને મિત્રો કે જેઓ નગરમાં રા.સ્વ.સંઘ કામગીરી અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો કરતા જ હતા એ સૌ સાથે મળીને ઝાલોદ નગરમાં વીર બલિદાની રાજેશ સોનીની યાદમાં નગરનું પ્રાચીન મુખ્ય વડ બજાર ના નામે ઓળખાતા ચોક ને “શહીદ રાજેશ ચોક “નું નામ આપીને રાજેસના બલિદાનને ઝાલોદની કાયમી સંભારણું બનાવી દીધું જે આજે પણ રાજેસની યાદો તાજી કરાવે છે .

હાલમાં ૨૨ મી જાન્યુઆરીએ સમગ્ર વિશ્વમાં શ્રી રામ લલ્લાની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી તૈયારીઓ ચાલી રહી છે .ત્યારે ઝાલોદ નગરમાં વિવિધ કાર્યક્રમોની સાથે વીર બલિદાની રાજેશ સોની મિત્ર મંડળ દ્વારા ૨૦મી જાન્યુઆરીની રાત્રીએ ટેલેન્ટ ઓફ ઝાલોદનો પ્રોગ્રામ તેમજ ૨૧ તારીખે રાજેશ ચોકમાં” શ્રી રામ જાગરણ” નો ભવ્ય કાર્યક્રમનું આયોજન, ૨૨ તારીખે પ્રભાત ફેરી, મંદિરોમાં નક્કી કરેલ દરેક ધાર્મિક આયોજન તેમજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થતાં નગરમાં રામ યાત્રા અને રામ ભંડારનું વિશેષ આયોજન કરીને વીર બલિદાની રાજેશ સોનીનું બલિદાન સાર્થક થઈ રહ્યું છે .ત્યારે વીર રાજેશ સોની કે જે આજના યુવાનો માટે કાયમી પ્રેરણાસ્તોત્ર બની રહે તે માટે રાજેસના નામની સાથે કાયમી સંભારણું બની રહે,તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

હાલ દરેક લોકોની વ્યવસ્થા અયોધ્યા ખાતે સંભવ ન હોઈ મારું ગામ અયોધ્યા ધામના સંકલ્પ સાથે સનાતન હિન્દુ ધર્મ સમિતિ દરેક ધાર્મિક કાર્યો સુંદર અને યાદગાર બનાવવા અથાગ પરિશ્રમ કરી રહેલ છે.

## સુબિર તાલુકાના શિંગાણા ખાતે

# દિવાળીબેન ટ્રસ્ટ બારડોલી દ્વારા “બાળ આરોગ્ય મેળા”ની ઉજવણી કરવામાં આવી

। (માહિતી) સુરત, તા.૧૬ ।

સંવાહક-દિવાળીબેન ટ્રસ્ટ, બારડોલી પ્રેરક-દેસાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટ, નવસારી તથા ભારતીય જન સેવા સંસ્થાન માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળા, શિંગાણા આયોજીત “બાળ આરોગ્ય મેળા”નું આંનદોત્સવ અને આરોગ્ય જ્ઞાન સાથે રમત-ગમ્મત દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

અહિં શિંગાણા, જામન્યામાળ, બુરથડી, ઝરણ, મોખામાળ, જાબાલા, કેશબંધ અને ટિમ્બરથવાની પ્રાથમિક શાળામના બાળકો શિક્ષકઓ સાથે કુલ ૧૩૫૦થી વધુ લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

ડાંગ જિલ્લાના શિક્ષણ અધિકારી શ્રી જીજ્ઞેશભાર ત્રિવેદીએ બાળકો સ્વચ્છ રહીને આનંદ સાથે પોતાનો ધ્યેય પ્રાપ્ત કરવાની હાકલ કરી હતી. દેસાઈ ફાઉન્ડેશન અમેરિકાના CEO પેરિશા પણ હાજર રહી આરોગ્ય મેળાની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સુબિર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી રવિનાબેન ગાવિત, સંરપચ શ્રીમતી સુજાતાબેન પવાર, દિવાળીબેન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી નલિનભાઈ જોષી, પુજય શ્રી પી.પી સ્વામી, તેમજ ટીપીઓશ્રી પણ હાજર રહ્યા હતા.

બાળ આરોગ્ય અંતંગત બાળકોનું રજીસ્ટ્રશન, ગુડીબેગનું વિતરણ, વજન-ઉચાઈ, હિમોગ્લોબિન



તપાસ, આરોગ્ય તપાસ,તેજસ હોસ્પિટલ દ્વારા આંખની તપાસ, દાંતની કાળજી, પઝલ, વિજ્ઞાનના પ્રયોગો, તંદુરસ્તી સુધી પહોચો,રીંગ ફેક, પોષણ-વિટામીન કુંદ, હીટ ધ ટારગેટ, આર્ટ એન્ડ ડ્રાફટ, શરીરના આંતરિક અંગો, આદર્શ બાળક, ગુડ ટચ બેડ ટચ, વેસ્ટ મેનેજમેન્ટ, વ્યસનમુકિત નાટક, યોગા, સારી ટેવ- ખોટી આદત, મેડિકલ કીટ, કાટુન, હેલો માસિક,આરોગ્ય અગ્રિમતા, દ્રશ્ય-શ્રાવ્ય જેવા અનેક સ્ટોલ થકી આનંદ મજા સાથે જ્ઞાન પુરું પાડવામાં આવ્યું. બાળ આરોગ્ય મેળાની મેનેજમેન્ટ ટીમ શ્રી ભાવેશ પટેલ, શ્રી અમર પાડવી, શ્રીમતી રોશની પાનવાલા અને શ્રીમતી ડિમ્પલ માહોરની અને તમામ જયોતિર્ધર મહેનત અને પરિશ્રમના કારણે આ બાળ આરોગ્ય મેળો સફળ રીતે પૂર્ણ થયો હતો.

# માર્ગ સુરક્ષા એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને ૨૦30 સુધીમાં માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુમાં ૫૦ ટકા ઘટાડો કરવાનો લક્ષ્યાંક : નીતિન ગડકરી

। નવી દિલ્હી, તા.૧૬ ।

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે માર્ગ સલામતી એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને ૨૦30 સુધીમાં માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુમાં ૫૦ ટકા ઘટાડો કરવાનો લક્ષ્યાંક છે. ‘સીઆઈઆઈ નેશનલ કોન્ફરન્સ ઓન રોડ સેફ્ટી - ઈન્ડિયન રોડ્સજ૨૦30 - રેઈઝિંગ ધ બાર ઓન સેફ્ટી’ને સંબોધતા શ્રી ગડકરીએ કહ્યું કે ‘રોડ સેફ્ટીના 4E’ - એન્જિનિયરિંગ(રોડઅનેવ્હીકલ એન્જિનિયરિંગ) – અમલીક-રણ (એન્ફોર્સમેન્ટ) – શિક્ષણ (એજ્યુકેશન) અને ખૂબ જ મહત્વપૂર્ણ કટોકટીની તબીબી



સેવાઓ (ઈમર્જન્સી મેડિકલ સેવા)ને મજબૂત કરવા તેમજ સામાજિક વર્તનમાં પરિવર્તન લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. તેમણે માર્ગ સલામતી સુધારવા માટે તમામ હિતધાર-કોના સહકાર પર ભાર મૂક્યો હતો. શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે માર્ગ અકસ્માત ૨૦૨૨ના નવીનતમ અહેવાલ મુજબ, ૪.૬ લાખ માર્ગ અકસ્માતો થયા છે, જેમાં ૧.૬૮ લાખ લોકોના મોત થયા છે અને ૪ લાખ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

# ‘ભારત ગૌરવ’ ટ્રેનોએ ૨૦૨૩માં ૯૬,૦૦૦ થી વધુ પ્રવાસીઓને લઈને ૧૭૨ યાત્રા કરી

। નવી દિલ્હી, તા.૧૬ ।

ભારતીય રેલવેએ ‘ભારત ગૌરવ’ ટૂરિસ્ટ ટ્રેનોના બેનર હેઠળ થીમ આધારિત સર્કિટ પર ટૂરિસ્ટ ટ્રેનોના સંચાલનનો ખ્યાલ રજૂ કર્યો હતો. થીમ આધારિત આ ટૂરિસ્ટ સર્કિટ ટ્રેનોનો ઉદ્દેશ ભારતનો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને ભવ્ય ઐતિહાસિક સ્થળોને પ્રદર્શિત કરવાનો છે. વર્ષ ૨૦૨૩ દરમિયાન, ૯૬,૪૯૧ પ્રવાસીઓને લઈને ભારત ગૌરવ ટ્રેનોની કુલ ૧૭૨ ટ્રિપ્સ ચલાવવામાં આવી છે, જે ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલા દેશભરના વિવિધ પર્યટન સ્થળોને આવરી લે છે. આ ટ્રેનોમાં શ્રી રામ-જાનકી યાત્રા અયોધ્યાથી જનકપુર જેવી મોટી ટૂરિસ્ટ સર્કિટ તેમજ શ્રી જગન્નાથ યાત્રા; “ગરવી ગુજરાત” પ્રવાસ; આંબેડકર સર્કિટ; નોર્થ ઈસ્ટ ટૂરને આવરી લેવામાં આવી છે. આ ટ્રેનોમાં હાથ ધરવામાં આવતી મુસાફરીને વ્યાપક ટૂર પેકેજના રૂપમાં ઓફર કરવામાં આવે છે, જેમાં ઓફ-બોર્ડ મુસાફરી અને બસો દ્વારા પર્યટન, હોટલોમાં રોકાણ, ટૂર ગાઈડ્સ, ભોજન, મુસાફરી વીમો વગેરે જેવી સેવાઓ પૂરી પાડવામાં આવે છે, જેમાં આરામદાયક ટ્રેન મુસાફરી અને આનુષંગિક ઓનબોર્ડ સેવાઓ આપવામાં



આવે છે. રેલવે મંત્રાલયે ભારત ગૌરવ ટ્રેન યોજના હેઠળ વધુ સારી ગુણવત્તા ધરાવતા કોચ સાથે રેલવે આધારિત પ્રવાસનની જોગવાઈ મારફતે સ્થાનિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો છે. આ સ્થાનિક પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારની પહેલ ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ અને ‘દેખો અપના દેશ’ ને પણ અનુરૂપ છે. વધુ વિગતો માટે, કૃપા કરીને મુલાકાત લો https://www.irctctourism.com/bharatgaurav.

# વિર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સુરતના ૫૦ મા સુવર્ણિમ મહોત્સવમા સરકારી વિનિયન અને વાણિજ્ય કોલેજ આહવાના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિઓમા ભાગ લીધો

। (માહિતી) સુરત, તા.૧૬ ।

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના ૫૦મો સુવર્ણિમ યુવા મહોત્સવમાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા ડાંગની સાંસ્કૃતિક સમિતિ અંતર્ગત વિદ્યાર્થીઓએ ૯ જેટલી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.જેમા સમૂહનૃત્ય (ડાંગી નૃત્ય)માં દ્વિતીય ક્રમાંક અને નવલિકા લેખનમાં શ્રી જીતેશભાઈ સુકરભાઈ પવારે તૃતીય ક્રમાંક મેળવ્યો હતો. આ સ્પર્ધામાં ભાગ લઈને વિદ્યાર્થીઓએ કોલેજ નું ગૌરવ વધાર્યું હતું. ૫૦મો સુવર્ણિમ યુવક મહોત્સવમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ.કિશોરસિંહ ચાવડાના હસ્તે ટ્રોફી એનાયત કરવામા આવી હતી. આહવા



કોલેજના આચાર્યશ્રી ડૉ.ઉત્તમભાઈ ગાંગુર્ડે અને પ્રા.ગૌરાંગભાઈના હસ્તે વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કર્યા હતા. સુરત વિર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી ખાતે યોજાયેલ આહવા કોલેજની દરેક સ્પર્ધાનું આયોજન કોલેજના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો દ્વારા કરવામા આવ્યુ હતુ.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે. નવી બાબતો શીખવાની અભિરૂચિ નોંધપાત્ર રહેશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર તમારો દિવસ ઝળહળતો કરી મુકશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દૃઢતા બક્ષશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે. પૈસા ની બાબત માં તમારે પરિવાર ના બધા સભ્યો ને સ્પષ્ટ રહેવા ની સલાહ આપવી જોઈએ

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. રૉમાન્સની શક્યતા છે પણ શારીરિક લાગણીઓ જાગી શકે છે અને તેને કારણે તમારો સંબંધ બગડવાની શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે. કોઈ ત્રીજી વ્યક્તિની દખલ તમારા અને તમારા પ્રિયપાત્ર વચ્ચે ઘર્ષણ પેદા કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તમારા પ્રેમી કે પ્રેમિકાને ન ગમતા હોય તેવા કપડાં પહેરવાનું ટાળો કેમ કે એનાથી તેમની લાગણી દુભાઈ શકે છે.

નેપાળની ૫૭ વર્ષ જૂની ટપાલ ટિકિટ વાયરલ થઈ રહી છે

# નેપાળની વર્ષ ૧૯૬૭ની ટપાલ ટિકિટ પર રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનું વર્ષ લખાયું હતું

## ધ લિટલ મ્યુઝિયમના માલિક અશોક કુમારે જણાવ્યું કે આ ટપાલ ટિકિટ નેપાળમાં ૧૯૬૭માં બહાર પાડવામાં આવી હતી

। (એજન્સી) લખનૌ, તા.૧૬ ।

ભગવાન શ્રીરામ ૨૨મીએ અયોધ્યામાં તેમના નવા મંદિરમાં બિરાજમાન થશે. આવી સ્થિતિમાં દરેક જગ્યાએ રામ મંદિરની ચર્ચા છે. આ દરમિયાન, વર્ષ ૧૯૬૭માં નેપળથી બહાર પાડવામાં આવેલી એક ટપાલ ટિકિટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. લોકો શોધી રહ્યા છે કે આ ટપાલ ટિકિટ ક્યાં છે અને કોની પાસે છે, તો અમે તમને જણાવી દઈએ કે આ દુર્લભ ટપાલ ટિકિટ લખનૌના એક વ્યક્તિ અશોક કુમારની છે. જેણે તેને પોતાના ''ધ લિટલ મ્યુઝિયમ''માં સાચવી રાખ્યું છે. આ ટપાલ ટિકિટને દુર્લભ કહેવામાં આવી રહી છે કારણ કે તેની પાછળ કોઈ રહસ્ય છુપાયેલું છે. આ જાણીને દરેક વ્યક્તિ દાંત નીચે આંગળી દબાવી લે છે. વાસ્તવમાં, નેપાળમાં ભગવાન શ્રીરામના સસરાના ઘરેથી બહાર પાડવામાં આવેલી ૫૭ વર્ષ જૂની ટપાલ ટિકિટ વાયરલ થઈ રહી છે, જે કોઈ અદભૂત સંયોગથી ઓછી નથી. વાસ્તવમાં, ૧૯૬૭માં જારી કરાયેલી આ પોસ્ટલ સ્ટેમ્પ ભગવાન રામ અને સીતાને સમર્પિત હતી, જેમાં યોગાનુયોગ રામ મંદિરના અભિષેકનું વર્ષ લખેલું છે. આ ૧૫ પૈસાની ટપાલ ટિકિટ પર રામ નવમી ૨૦૨૪ લખેલું છે. ધ લિટલ મ્યુઝિયમના માલિક અશોક કુમારે જણાવ્યું કે આ ટપાલ ટિકિટ નેપાળમાં ૧૯૬૭માં બહાર પાડવામાં આવી હતી. આ ટપાલ ટિકિટમાં ભગવાન શ્રીરામ ધનુષ અને બાણ સાથે છે. માતા સીતા પણ તેમની સામે છે. આ ૧૫ પૈસાની ટપાલ ટિકિટ પર 'રામ નવમી ૨૦૨૪' લખેલું છે.

આ ટપાલ ટિકિટ ૧૮ એપ્રિલ, ૧૯૬૭ના રોજ રામ નવમીના અવસરે લોન્ચ કરવામાં આવી હતી. તેમનું કહેવું છે કે તેણે આ ટપાલ ટિકિટ કોઈ પાસેથી ખરીદી છે. અશોક કુમારે જણાવ્યું કે આ વાયરલ નેપાળી પોસ્ટલ સ્ટેમ્પ પર લખાયેલ રામ નવમી ૨૦૨૪ અંગ્રેજી કેલેન્ડરમાં નહીં પરંતુ વિક્રમ સંવતમાં લખાયેલું છે. વિક્રમ સંવત અંગ્રેજી કેલેન્ડર કરતાં ૫૭ વર્ષ આગળ ચાલે છે. આ રીતે, વર્ષ ૧૯૬૭માં બહાર પાડવામાં આવેલી આ પોસ્ટલ સ્ટેમ્પ પર વર્ષ ૨૦૨૪ ૫૭ વર્ષ આગળ લખેલું છે. એટલા માટે તે આશ્ચર્યજનક છે કે એવું કહી શકાય કે આટલા વર્ષો પહેલા જારી કરાયેલી આ ટિકિટ પર અભિષેકની તારીખ પહેલેથી જ લખેલી હતી. આ ટિકિટ હાલ ઘણી જ ચર્ચામાં છે અને લોકો પણ તેને જોવા માગી રહ્યા છે. જે ટિકિટ વાયરલ થઈ રહી છે.



# એર ઈન્ડિયાની દિલ્હી-મુંબઈ ફ્લાઈટે ૧૭ કલાક રાહ જોવડાવી

## વિમાનમાં પેસેન્જરને બેસાડી રાખવામાં આવે અને ત્યાર પછી કલાકો સુધી તેમણે ગોંધાઈ રહેવું પડે તેવી ઘટનાઓ બની છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

ભારતમાં એર ટ્રાવેલર્સની સંખ્યા સતત વધતી જાય છે પરંતુ રેલવે પ્રવાસી કરતા ઘણો વધારે ખર્ચ કરવા છતાં એર ટ્રાવેલર્સની હાલત કફોડી છે. વિમાનો કલાકો સુધી લેટ પડે અને પેસેન્જરોને વિમાનમાં ચાર-પાંચ કલાક સુધી એસી બંધ રાખીને ગોંધી રાખવામાં આવે તેવી ઘટનાઓ બની રહી છે. તેના કારણે પેસેન્જર્સ અને એરલાઈનના સ્ટાફ વચ્ચે અથડામણની ઘટનાઓ પણ બની છે. ગઈકાલે દિલ્હીથી મુંબઈની ફ્લાઈટ માટે પેસેન્જરોએ લગભગ ૧૭ કલાક રાહ જોવી પડી હતી. એર ઈન્ડિયાના પેસેન્જરોને આ કડવો અનુભવ થયો છે જેમાં છ કલાક સુધી તો પ્રવાસીઓએ વિમાનમાં બેસી રહેવું પડ્યું હતું. એર ઈન્ડિયાના પેસેન્જરોએ જુદા જુદા કારણોથી કલાકો સુધી એરક્રાફ્ટમાં જ રહેવું પડ્યું હતું જેના કારણે લોકોમાં ભારે ગુસ્સો ફેલાયો હતો. ગઈકાલે દિલ્હીમાં હવાઈ ઉડ્ડયન માટે બહુ ખરાબ દિવસ હતો અને લો વિઝિબિલિટીના કારણે સેંકડો ફ્લાઈટ કેન્સલ કરવી પડી હતી. એક પ્રવાસીએ જણાવ્યું કે લોકોમાં ધીરજ ખૂટી ગઈ હતી. ખાસ કરીને બાળકો વિમાનમાં કંટાળી ગયા હતા. કોઈને વિમાનમાં ફૂડ પણ મળ્યું ન હતું. આ ઉપરાંત વિમાનનું એર કંડિશનિંગ પણ કામ કરતું ન હતું. તેમણે કહ્યું કે સવારે ૯ વાગ્યે વિમાન ટેક-ઓફ કરવાનું હતું. પરંતુ ધૂમ્મસના કારણે મોડું થશે તે સ્વભાવિક લાગતું હતું. પરંતુ એરલાઈને વારંવાર વિરોધાભાસી માહિતી આપી. બપોરે બે વાગ્યા પછી વિમાન ઉડાન માટે તૈયાર હતું ત્યારે તેમણે જણાવ્યું કે હવે વિમાન માટે પાઈલટ અને ક્રુ મેમ્બર નથી કારણ કે તેમને બીજી ફ્લાઈટમાં મોકલી દેવામાં આવ્યા છે. વિમાનમાં સંપૂર્ણપણે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. સાંજે ૫.૩૦ વાગ્યે ક્રુ મેમ્બર આવ્યા ત્યાર પછી અમે ૮ વાગ્યે ફરીથી વિમાનમાં સવાર થયા. એરલાઈન પાસે કોઈ પાઈલટ જ ન હતો. મને નથી લાગતું કે આ માટે ગ્રાઉન્ડ સ્ટાફ અથવા ક્રુને દોષ આપી શકાય. મેનેજમેન્ટ જ આ માટે જવાબદાર હતું. વિમાનમાં વ્યવસ્થિત ખાવાનું પણ ન મળ્યું. માત્ર અમુક ચિપ્સના પેકેટ હતા અને તેના સહારે અમારે પ્લેનમાં ૧૭ કલાક કાઢવા પડ્યા હતા. ઘણા પ્રવાસીઓની ફરિયાદ છે કે એરલાઈન્સ વચ્ચે હાલમાં કોમ્પિટિશન ચાલે છે. છતાં પ્રવાસીઓને કોઈ ફાયદો થાય તેમ લાગતું નથી. ખાસ કરીને વિમાન ડિલે થાય અથવા બીજા કોઈ કારણથી મોડું કરવામાં આવે ત્યારે દરેક એરલાઈનમાં એર ટ્રાવેલર્સની હાલત એક સરખી હોય છે. આજે ઈન્ડિગો એરલાઈનમાં પણ એક પેસેન્જર દ્વારા વિમાનના પાઈલટ પર હુમલો કરવામાં આવ્યો હોય તેવી ઘટના બની હતી. ફોગ એલર્ટના કારણે દિલ્હી ગોવાની ફ્લાઈટ ૧૩ કલાક લેટ પડી હતી જેના કારણે વિમાનમાં પ્રવાસીઓની ધીરજ ખૂટી હતી અને એક પેસેન્જરે પાઈલટને લાફો મારી દીધો હતો. ત્યાર પછી આ પેસેન્જરને વિમાનમાંથી નીચે ઉતારી દેવાયો હતો અને તેની સામે પોલીસ ફરિયાદ ફાઈલ થઈ હતી.

# ઉદ્ધવ ઠાકરે જૂથ આખરે સુપ્રીમ કોર્ટ પહોંચ્યું

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટેની અરજીને ફગાવી દેવાના મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરના નિર્ણય પર ઉદ્ધવ ઠાકરે જૂથે સુપ્રીમ કોર્ટ પહોંચ્યું છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની શિવસેના દ્વારા એકબીજાના ધારાસભ્યો વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી ગેરલાયકની અરજીઓને બુધવારે (૧૦ જાન્યુઆરી) સ્પીકર રાહુલ નાર્વેકરે ફગાવી દીધી હતી. સ્પીકર રાહુલ નાર્વેકરે કહ્યું હતું કે શિંદેની શિવસેના જ અસલી શિવસેના છે. કારણ કે ચૂંટણી પંચે પણ આ વાત સ્વીકારી લીધી છે. આવી સ્થિતિમાં ધારાસભ્યોની સભ્યતા અકબંધ રહેશે. આ નિર્ણય શિવસેના (UBT) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે માટે મોટો ફટકો હતો.

### કયા ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા અંગે લેવાયો નિર્ણય ?

શિંદે જૂથના ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાનો નિર્ણય લેનારાઓમાં સીએમ એકનાથ શિંદે, આરોગ્ય પ્રધાન ડૉ. તાનાજી સાવંત, રોજગાર પ્રધાન સંદિપનરાવ ભુમરે, લઘુમતી વિકાસ પ્રધાન અબ્દુલ સત્તાર, ભરત ગોગાવલે, સંજય શિરસાટ અને યામિની જાધવનો સમાવેશ થાય છે. ઉપરાંત અનિલભાઈ બાબર, ડૉ. કિનીકર બાલાજી પ્રહલાદ, પ્રકાશ સુર્વે, મહેશ શિંદે, લતા સોનાવણે, ચિમનરાવ રૂપચંદ પાટીલ, રમેશ બોરનારે, ડૉ. સંજય રાયમુલકર અને બાલાજી કલ્યાણકર. મહારાષ્ટ્ર વિધાનસભામાં અયોગ્યતાના કેસમાં સ્પીકર રાહુલ નાર્વેકર ચુકાદો આપી કહ્યું કે ૧૯૯૯ના બંધારણને ધ્યાનમાં રાખવું પડશે કારણ કે ૨૦૧૮નું બંધારણ ECI સમક્ષ અસ્તિત્વમાં ન હતું. સ્પીકરે સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા વિવિધ સોગંદનામાને ધ્યાનમાં લીધા છે અને પક્ષકારોની દલીલો પર આધાર રાખ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ઈકેં સમક્ષ બંધારણ પર વિચાર કરવો પડશે અને તેથી આ માંગ કરવામાં આવી છે. વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે શિવસેનાના ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા અંગે પોતાનો નિર્ણય સંભળાવ્યો હતો.

અયોધ્યાના પૂજારી નારાજ થયા

# રામાયણનો રાવણ આજીજી કરતો રહ્યો, છતાં રામ ભક્તને મંદિરમાં પ્રવેશ ન મળ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

રામાનંદ સાગરની 'રામાયણ' લોકો માટે કોઈ સિરિયલ નથી તે એક અનુભવ છે જેના દ્વારા તેઓએ મર્યાદા પુરુષોત્તમ રામનું જીવન પડદા પર જોયું. જ્યારે આ શો ટીવી પર ટેલિકાસ્ટ થતો હતો ત્યારે લોકો પોતાનું તમામ કામ છોડીને ટીવી સામે બેસી જતા હતા જાણે કે તેઓ ભગવાન રામ અને સીતાને અરુણ ગોવિલ અને દીપિકા ચીખલિયાના રૂપમાં રૂબરૂમાં જોવા જતા હોય. સિરિયલના મુખ્ય પાત્રોને જેટલો પ્રેમ કરવામાં આવ્યો હતો તેટલી જ રાવણનું પાત્ર ભજવનાર અભિનેતા અરવિંદ ત્રિવેદીને નફરત કરવામાં આવી હતી. અરવિંદ ત્રિવેદીએ રાવણનું પાત્ર પૂરા જોશથી ભજવ્યું હતું, જેના કારણે લોકો તેમને અસલી રાવણ માનવા લાગ્યા હતા. આનું પરિણામ તેમણે વાસ્તવિક જીવનમાં ભોગવવું પડ્યું હતું. જો અહેવાલોનું માનીએ તો એકવાર અયોધ્યાના પૂજારીએ તેમને મંદિરમાં પ્રવેશવા દીધા ન હતા. જ્યારે તેઓ સંકટમોચન હનુમાનના દર્શન કરવા માટે હનુમાનગઢીના એક મંદિરમાં પહોંચ્યા ત્યારે મુખ્ય પૂજારીએ તેમને અંદર જવા દીધા ન હતા. પૂજારીએ તેમને સિરિયલ 'રામાયણ'માં ભગવાન રામને રાવણના રોલમાં સારા અને ખરાબ કહેતા સાંભળ્યા હતા. જેનાથી અભિનેતા પ્રત્યે તેમની નફરત વધી ગઈ હતી. તેઓ ભૂલી ગયા હતા કે અરવિંદ ત્રિવેદીએ સિરિયલમાં માત્ર રાવણનું પાત્ર ભજવ્યું હતું. અરવિંદ ત્રિવેદીએ પૂજારીને ભગવાન હનુમાનના દર્શન કરવા દેવા માટે ઘણી પ્રાર્થના કરી પરંતુ તેઓ પોતાની વાત પર અડગ રહ્યા.

ધાર્મિક જ નહીં આર્થિક દ્રષ્ટિએ મહત્વપૂર્ણ છે પ્રાણ પ્રતિષ્ઠા

# રામ મંદિરના કારણે થશે એક લાખ કરોડ રૂપિયાનો બિઝનેસ

। (એજન્સી) અયોધ્યા, તા.૧૬ ।

અયોધ્યામાં રામમંદિરના નિર્માણથી સમગ્ર ભારતમાં ઓછામાં ઓછા ૧ લાખ કરોડ રૂપિયાનો બિઝનેસ થવાની અપેક્ષા છે. તેમાંથી ૨૦ હજાર કરોડ રૂપિયાનો બિઝનેસ માત્ર દિલ્હીમાં જ જનરેટ થઈ શકે છે. આ અંદાજ કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) દ્વારા કરવામાં આવ્યો છે. રામ મંદિરનો અભિષેક કાર્યક્રમ ૨૨ જાન્યુઆરીએ યોજાનાર છે. CAITએ અગાઉ રામ મંદિરને કારણે ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના બિઝનેસનો અંદાજ મૂક્યો હતો. પરંતુ મંદિર પ્રત્યેનો ઉત્સાહ જોઈને એસોસિએશને તેના અંદાજમાં સુધારો કર્યો છે. આ અંદાજ વિવિધ રાજ્યોના ૩૦ શહેરોમાં સ્થિત વેપાર સંગઠનો તરફથી મળેલા પ્રતિસાદના આધારે કરવામાં આવ્યો છે. CAITના રાષ્ટ્રીય મહાસચિવે કહ્યું કે રામ મંદિર માટે અપાર આદર અને જબરદસ્ત ઉત્સાહને જોતાં આર્થિક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો થશે. લોકોની ધાર્મિક આસ્થાના કારણે દેશની પરંપરાગત આર્થિક વ્યવસ્થાના આધારે અનેક નવા વ્યવસાયો ઊભા થશે. દેશભરમાં રામ મંદિર સંબંધિત ૩૦,૦૦૦ થી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં શોભાયાત્રા, શ્રી રામ ચોકી, શ્રી રામ પદ, સ્કૂટર અને કાર રેલી, શ્રી રામ સભા જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ કારણે બજારમાં રામ ઝંડા, બેનર, કેપ, ટી-શર્ટ અને પ્રિન્ટ કુર્તાની માંગમાં ભારે વધારો થયો છે. રામ મંદિર મોડલની માંગ પણ ઝડપથી વધી છે. એવો અંદાજ છે કે દેશભરમાં ૫ કરોડ મોડલ વેચાશે, જેના માટે વિવિધ રાજ્યોના વિવિધ શહેરોમાં સ્થિત નાના ઉત્પાદન એકમો દિવસ-રાત કામ કરી રહ્યા છે.

ઈઝરાયલ અને હમાસ યુદ્ધને ૧૦૦ દિવસ પુરા

# ઈઝરાયેલ-હમાસ યુદ્ધના અંતના કોઈ સંકેત નહીં, લડાઈ ઉગ્ર બનશે

। (એજન્સી) જેરૂસલેમ, તા.૧૬ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને ૧૦૦ દિવસ પૂરાં થઈ ગયા છે. ઓક્ટોબર મહિનામાં શરૂ થયેલું યુદ્ધ હવે નવા વર્ષમાં પ્રવેશી ગયું છે. સરહદે ચાલી રહેલું આ યુદ્ધ હવે શહેરી વિસ્તારોમાં લડાઈ રહ્યું છે. હજુ પણ યુદ્ધનો અંત થવાના કોઈ સંકેત મળી રહ્યા નથી. તેનાથી વિપરિત આવનારા દિવસોમાં આ યુદ્ધ વધુ ઉગ્ર બનશે તેવી ભીતિ સર્જાઈ છે. ઈઝરાયલે કહી દીધું છે કે જ્યાં સુધી હમાસનો ખાત્મો નહીં થાય તે આ યુદ્ધ પર ફુલ સ્ટોપ નહીં લગાવે. આ કારણે ગાઝામાં ઈઝરાયલી સૈન્યની કાર્યવાહી સતત ઉગ્ર થતી જઈ રહી છે. બોમ્બ વિસ્ફોટકને કારણે લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ઈઝરાયલ તરફથી વધારે પડતી આક્રમકતા એટલા માટે પણ બતાવાઈ રહી છે કેમ કે હમાસે હજુ પણ ઘણાં કેદીઓને મુક્ત કર્યા નથી. ખરેખર તો ઈઝરાયેલ અને હમાસ વચ્ચે એક ડીલ થઈ હતી, જેના હેઠળ બંને એકબીજાના બંધકોને છોડવાના હતા. થોડા સમય પહેલા સુધી બંને તરફથી ઘણા લોકોને મુક્ત કરવામાં આવી રહ્યા હતા, પરંતુ હમાસે હજુ પણ ઘણા ઈઝરાયેલી નાગરિકોને મુક્ત કર્યા નથી. ઉલ્લેખનીય છે કે ૨૧ નવેમ્બરના રોજ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાર દિવસીય યુદ્ધવિરામ થયો હતો. તે યુદ્ધવિરામ દરમિયાન હમાસે માત્ર ૧૦૫ ઈઝરાયેલી નાગરિકોને મુક્ત કર્યા હતા, જ્યારે ઈઝરાયેલે ૩૦૦થી વધુ પેલેસ્ટિનિયન નાગરિકોને મુક્ત કર્યા હતા.હવે જ્યારે આ યુદ્ધને ૧૦૦ દિવસ પૂરા થઈ ગયા છે, ત્યારે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ તરફથી યુદ્ધ સમાપ્ત કરવાના કોઈ સંકેત મળ્યા નથી.

વિશેષ

નવી જન્મેલ કુલ-૧૫ દિકરીઓને કુકરમુંડા તાલુકા પ્રમુખશ્રી અમરસિંહભાઇ પાડવીના હસ્તે દિકરી વધામણા કીટનું વિતરણ

# એસપીરેશનલ બ્લોક કુકરમુંડા ખાતે ''બેટી બચાઓ, બેટી પઢાવો'' અંતર્ગત પોષણ, આરોગ્ય, શિક્ષણ અને સ્વચ્છતા બાબતે માર્ગદર્શન તાલીમ યોજાઇ

। (માહિતી) સુરત ।

એસપીરેશનલ તાલુકા કુકરમુંડા ખાતે મહીલા અને બાળ અધિકારીશ્રીઅને દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારીશ્રી ડો.મનિષા એ.મુલતાની નાં માર્ગદર્શન હેઠળ મહિલા બાળ અધિકારીની કચેરી અને સંકલિત બાળ વિકાસ યોજના તાપીના સંયુક્ત ઉપક્રમે કુકરમુંડાના ગ્રામ પંચાયત હોલ ખાતે ખાતે''બેટી બચાઓ, બેટી પઢાવો'' અંતર્ગત શાળાએ ન જતી કિશોરીઓ માટે પોષણ, આરોગ્ય, શિક્ષણ અને સ્વચ્છતા બાબતે માર્ગદર્શન તાલીમ યોજાઈ હતી.

આઈ.સી.ડી.એસ. શાખાના કુકરમુંડા અને ગંથાના સેજાની પુર્ણા સખી તરીકે નોંધાયેલ ૧૩૭ 'શાળાએ ન જતી કિશોરીઓ' સાથે ૦૬ મોડ્યુલ્સ અંગેની ગુણાત્મક તાલીમ તથા શાળાએ ન જતી કિશોરીઓની આંગણવાડી ખાતે આરોગ્ય અને સ્વાસ્થ્ય, ઉત્તમ પોષણ, કિશોરીઓનું કાનુની સંરક્ષણ અને અધિકારો, મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તક ચાલતી સરકારી યોજનાઓની જાણકારી અને નેતૃત્વ વિકાસ અંગેની ગુણાત્મક તાલીમ આપવામાં આવી હતી.





આ પ્રસંગે કુકરમુંડા તાલુકા પંચાયત પ્રમુખશ્રી અમરસિંહ પાડવી, મહીલા અને બાળ અધિકારીશ્રી અને દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારીશ્રી ડો.મનિષા એ.મુલતાની, ડીસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન અને સખી વન સ્ટોપ સેન્ટર તાપી અને આઈ.સી.ડી.એસ.ના ગંથા, રાયગઢ, મટાવલના મુખ્યસેવિકા બહેનો, આરોગ્ય વિભાગમાંથી વસાવે મહેમુદસિંગ હામીદસીંગ (CHO), વળવી પલ્લવી મોહનભાઈ (CHO) તથા આરોગ્ય વિભાગની ટીમ ઉપસ્થિત રહી હતી.

કુકરમુંડા તાલુકા પંચાયત પ્રમુખશ્રી અમરસિંહ પાડવી દ્વારા કિશોરીઓને પ્રોત્સાહિત કરવામાંવ આવી હતી. જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી ડો.મનિષા એ.મુલતાની દ્વારા ડ્રોપ આઉટ દિકરીઓને શિક્ષણનું મહ્ત્વ અને ઓપન સ્કુલ અને કોલેજોમાં કઈ રીતે પ્રવેશ મેળવે અને પરીક્ષા આપી શકાય, જાતીય સતામણી અને જાતીય સમાનતા અંગેની વિસ્તૃત માહીતી આપવામાં આવી હતી.આ ઉપરાંત એનેમીયા વિષયક, પુર્ણા શકિત અંતર્ગત અપાતા THR નું મહત્વ,માસિક સ્ત્રાવ સંબંધિત સ્વચ્છતા અંગે, રમત-ગમત કરી તેઓ સાથે સારી રીતે બોન્ડીંગ, મહિલાલક્ષી યોજના અને મહિલાઓને અપાતી સુરક્ષાઓ અંગેની વિસ્તૃત માહીતી આપવામાં આવી હતી.

આ માર્ગદર્શન તાલીમ દરમ્યાન મહિલા અને બાળ અધિકારીની કચેરી તાપી દ્વારા ''બેટી બચાવો, બેટી પઢાવો'' અંતર્ગત નવી જન્મેલ કુલ-૧૫ દિકરીઓને કુકરમુંડા તાલુકા પ્રમુખશ્રી અમરસિંહભાઈ પાડવીના હસ્તે દિકરી વધામણા કીટનું અને કિશોરીઓને સેનેટરી પેડ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કિશોરીઓનું વજન, ઊંચાઈ અને હિમોગ્લોબીનની તપાસ અને કિશોરીઓના આયુષ્યમાન કાર્ડ કઢાવવાની પ્રકિયા કરવામાં આવેલ અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### બોપલમાં પક્ષીનો જીવ બચાવવા જતા ફાયરકર્મીનું મોત થયું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

દર વર્ષે ઉત્તરાયણના પર્વ દરમિયાન અનેક અબોલ પશુ-પક્ષીઓ દોરીના કારણે ઈજાગ્રસ્ત થતા હોય છે. જેને બચાવવા માટે ફાયર વિભાગ અને તેમની ટીમ સતત કાર્યરત રહેતી હોય છે. ફાયર વિભાગના કર્મચારીઓ આ પશુ-પક્ષીઓને બચાવવા માટે પોતાનો જીવ પણ જોખમમાં મુકતા ખચકાતા નથી. જો કે અમદાવાદમાં એક આવા જ પક્ષીનો જીવ બચાવવા જતા ફાયર મેને જ પોતાનો જીવ ગુમાવ્યાની ઘટના બની છે.ઘટના કઈક એવી છે કે અમદાવાદમાં બોપલમાં એક પક્ષી દોરીના કારણે ફસાઈ ગયુ હતુ. આ અંગે ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. જે પછી એક ફાયર મેન પક્ષીનું રેસ્ક્યૂ કરવા સ્થળ પર પહોંચ્યા હતા. જો કે બોપલમાં ફસાયેલા પક્ષીને રેસ્ક્યુ કરતા સમયે ફાયર મેન હાઈ ટેન્શન લાઈનને અડી ગયા હતા.જે પછી ટેન્શન લાઈનનો કરંટ લાગતા મોત થયુ છે. રેસ્ક્યુ દરમિયાન હાઈ ટેન્શનલાઈન ચાલુ રહી ગઈ હતી.

### મોતિયાના ઓપરેશન બાદ ૧૭ દર્દીઓને અંધાપો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદનાં માંડલની રામાનંદ ટ્રસ્ટ સંચાલિક હોસ્પિટલ વિવાદમાં આવવા પામી છે. જેમાં આંખની સારવાર કરાવ્યા બાદ દર્દીઓને અંધાપાની અસર થવા પામી હતી. અંધાપાની અસર થતા પીડિત દર્દીઓને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. સિવિલ હોસ્પિટલનાં આંખ વિભાગમાં ૫ દર્દીઓ સારવાર હેઠળ ખસેડાયા હતા. જેમાં ત્રણ મહિલા અને બે પુરૂષ દર્દીઓ (ઉ.વર્ષ.૫૦) થી વધુ હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર મામલે આરોગ્ય વિભાગનાં અધિક નિયામક ડૉ. નિલમ પટેલે તેઓની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, માંડલ ખાતે ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં તમામ લોકોની સારવાર થઈ હતી. દર્દીઓને અંધાપાની અસર થતા તમામને અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. ગતરોજ અમે તબીબો અને અધિકારીઓની ટીમને સ્થળ પર મોકલી છે. તેમજ અન્ય ૧૨ દર્દીઓને પણ ત્યાં સારવાર માટે દાખલ કરાયા છે. કુલ ૧૦૩ લોકોનાં ઓપરેશન થયા હતા. ૩ તારીખ પછીનાં ઓપરેશન અંગે ચકાસણી કરીશું. અંધાપાનું કારણ કોઈ રીતે ઈન્ફેક્શન પણ હોઈ શકે છે. તેમજ નવી સુચના ન મળે ત્યાં સુધી માંડલની હોસ્પિટલમાં ઓપરેશન નહી થાય તેમ જણાવ્યું હતુ.

# બટાકાના પાકમાં સુકારાના રોગને લઈ ખેડૂતો ચિંતામાં મુકાયા

## મદદનીશ બાગાયત નિયામક સાથે અધિકારીઓ હડીયોલ અને ગઢોડા ગામના ખેડૂતોના ખેતરે પહોચ્યા હતા

। (એજન્સી) સાબરકાંઠા, તા.૧૬ ।



રજૂઆતને પગલે મદદનીશ બાગાયત નિયામક સાથે અધિકારીઓ હડીયોલ અને ગઢોડા ગામના ખેડૂતોના ખેતરે પહોચ્યા હતા. જ્યાં વાવેતર કરેલ પાકના સ્થળે મુલાકાત લઈને તપાસ કરી હતી.આખા ખેતરમાં ચારે તરફ લીલોતરી વચ્ચે સુકારો જોવા મળ્યો હતો.જયારે બાગાયત ટીમે પણ તપાસ કરીને જરૂરી દવાઓનો છંટકાવા કરવા અને પિયત પણ વાતાવરણને લઈને આપવું તેનું સુચન તમામ ખેડૂતોને કર્યું હતું.રવિ સિઝનમાં હિંમતનગર તાલુકામાં બટાકાનું વાવેતર કરવામાં આવ્યું છે ત્યારે બટાકાની સાઈઝ બનવાના સમયે જ સુકારાનો રોગ આવવાને લઈને ખેડૂતોને નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે.ત્યારે હડીયોલ, ગઢોડા, આકોદરા, કાંકરોલ સહીતના સાત ગામોમાં ખેડૂતોએ બટાકાનું વાવેતર કરેલું છે. આ વિસ્તારમાં હવે બટાકાના પાકમાં સુકારાનો રોગ લાગ્યો છે.ત્યારે હાલમાં ખેડૂતોએ પણ સુકારાને લઈને વિવિધ દવાઓનો છંટકાવ કર્યો પરંતુ કોઈ પરિણામ મળ્યું નથી. ત્યારે હવે બાગાયત વિભાગ ધ્વારા સલાહ મુજબ દવાનો છંટકાવ કરવાની સલાહ બાદ અમલ કરતા કોઈ પરિણામ ના આવે તો ખેડૂતોને બટાકા કંપનીના ના ખરીદે તો ફેકી દેવાનો વારો આવી શકે છે.

ખેડૂતોએ પણ આ રોગને લઈને થતું નુકશાન માટે સરકારમાં રજૂઆત થાય અને કોઈ વળતર મળે તેવી માંગ કરી છે. કંપનીઓ અને ખેડૂતો વચ્ચે બાગાયત વિભાગ સાંકળ બને અને વાવેતર કરેલો બટાકાનો પાક સાઈઝ નહિ પણ તમામ પાક ખરીદે તેવી રજૂઆત કરી હતી. ખેડૂતોએ સારી કમાણી થાય તેને લઈને બટાકાનું વાવેતર કર્યું હતું. પરંતુ વાતાવરણની અસરને લઈને બટાકાની સાઈઝ બનવાના સમયે રોગ આવતા સાઈઝ અટકી ગઈ છે. તો પાક બચાવવા માટે દવાનો છંટકાવ કર્યો પરંતુ પરિણામ નથી મળ્યું. ત્યારે ખેડૂતો પણ બાગાયત વિભાગને રજૂઆત કરી છે. જેને લઈને ખડુતોને થતા નુકશાનમાં ઘટાડો થઈ શકે છે. જો બટાકા કંપની નહિ ખરીદે તો કરેલો ખર્ચ પણ નહિ નીકળે જેને લઈને ખેડૂતોને બટાકા ફેકી દેવાનો વારો આવી શકે તો નવાઈ નહિ.

### એક મહિના માટે ભાવનગર ઇન્ટરસિટી ટ્રેન રદ

# ગાંધીગ્રામ-સાબરમતી વચ્ચે પસાર થતી ટ્રેન ૧૫ ફેબ્રુઆરી સુધી આંશિક રીતે રદ

## રેલવે સ્ટેશન ખાતે ચાલી રહેલી ટેકનિકલ કામગીરીને પગલે ટ્રેનોને બીજા રૂટ પર ડાયવર્ટ કરવામાં આવી રહી છે

। અમદાવાદ, તા.૧૬ ।

હાલ સાબરમતી રેલવે સ્ટેશન ખાતે ચાલી રહેલ ટેકનિકલ કારણોસર રેલવે વ્યવહારને અસર થવા પામી છે. જેને લીધે અનેક ટ્રેનોને અલગ અલગ રૂટ પર ડાયવર્ટ કરવામાં આવી છે. જેમાં સાબરમતીથી ઉપડતી ભાવનગર-સાબરમતી ઈન્ટરસિટી ટ્રેન તા. ૧૬ જાન્યુઆરીથી એક મહિનાં સુધી ગાંધીગ્રામ સ્ટેશનેથી ઉપડશે. જેનાં પગલે આ ટ્રેન ગાંધીગ્રામ અને સાબરમતી વચ્ચે રદ રહેશે. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૪ થી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી,



ટ્રેન નંબર ૨૦૯૬૫ / ૨૦૯૬૬ ભાવનગર – સાબરમતી - ભાવનગર ઈંટરસિટી એક્સપ્રેસ ભાવનગરથી ગાંધીગ્રામ અને ગાંધીગ્રામથી ભાવનગર વચ્ચે ચાલશે અને આ ટ્રેનનું આગમન-પ્રસ્થાન સાબરમતી સ્ટેશન પર થશે નહીં. @WesternRly @RailMinIndia @drmadiwr pic.twitter.com/HAQCQKVscR

તેમજ તા. ૧૬ જાન્યુઆરીથી ૧૫ ફેબ્રુઆરી સુધી ટ્રેન નંબ ૨૦૯૬૫/ ૨૦૯૬૬ ભાવનગર-સાબરમતી-ભાવનગર ઈંટરસિટી એક્સપ્રેસ ભાવનગરથી ગાંધીગ્રામ અને ગાંધીગ્રામથી ભાવનગર વચ્ચે દોડશે. અને આ ટ્રેનનું આગમન પ્રસ્થાન સાબરમતી સ્ટેશન પર નહીં થાય. ત્યારે મુસાફરોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે રેલવે વિભાગ દ્વારા અગાઉથી આ બાબતે જાહેરાત પણ કરવામાં આવી હતી. જેથી મુસાફરો સાબરમતી રેલવે સ્ટેશને આવીને ધક્કો ન ખાવો પડે.

### મેટ્રોપોલિટન કોર્ટે આપ્યો ચુકાદો

# કોંગ્રેસ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને ૩૦ અન્ય લોકોને ૨૦૧૭ના કેસમાં નિર્દોષ છોડ્યા

## ૨૦૧૭માં રાજ્ય સરકારની નીતિઓ વિરોધમાં ટ્રેન રોકવાનો આરોપ હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।



ગુજરાતમાં એક મેટ્રોપોલિટન અદાલતે મંગળવારે કોંગ્રેસ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને ૩૦ અન્ય લોકોને ૨૦૧૭ના કેસમાં નિર્દોષ છોડ્યા છે. તેમની ઉપર ૨૦૧૭માં રાજ્ય સરકારની નીતિઓ વિરોધમાં ટ્રેન રોકવાનો આરોપ હતો. મુખ્ય મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ પીએન ગોસ્વામીની અદાલતે કોંગ્રેસના દલિત નેતા મેવાણીને નિર્દોષ જાહેર કર્યો છે. અમદાવાદ પોલીસે ૨૦૧૭માં મેવાણી સહિત અન્ય પર ટ્રેન રોકો પ્રદર્શન કર્યું હતું. જેમાં ટ્રેન ૨૦ મિનિટ સુધી કાલૂપુર રેલવે સ્ટેશન પર ટ્રેન રોકવા મામલે મામલે દાખલ કરવમાં આવ્યો હતો. આ પ્રદર્શન રાજ્ય સરકારની નીતિઓ વિરૂદ્ધ કરવામાં આવ્યો હતો. મેવાણી અને અન્ય ૩૦ની વિરૂદ્ધ ભારતીય દંડ સહિતાની વિવિધ કલમો દાખલ કરવામાં આવી હતી. ૩૧માંથી ૩૦ મહિલા હતી. જેમની વિરૂદ્ધ રેલવે એક્ટની કલમ ૧૫૩ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૧માં એક સત્ર અદાલતે મેવાણીને નિર્દોષ જાહેર કરવાનો ઈક્રાર કરી દીધો હતો. અત્રે જણાવીએ કે, ગત વર્ષે અમદાવાદના ઈનકમ ટેક્સ સર્કલ પર ૨૦૧૬માં બખોડો કરવા તેમજ જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવાના કેસમાં નિર્દોષ જાહેર કરાયો હતો



ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ એસ જી હાઈવે ગોતા પાસે દિવાલે પેઈન્ટીંગ કર્યુ હતુ

# માંગરોળ નજીક કાર સાથે રખડતા ઢોરની ટક્કરે અકસ્માત સર્જાયો

। જૂનાગઢ, તા.૧૬ ।

રસ્તા પર રખડતા ઢોરનો આતંક પુરો થવાનું નામ જ નથી લઈ રહ્યો. શહેરોમાં હજુ પણ ઠેર ઠેર રખડતા ઢોર જોવા મળી રહ્યા છે, જેના કારણે અકસ્માતો સર્જાવાની ઘટનાઓનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. જૂનાગઢના માંગરોળ નજીક કાર સાથે રખઢતા ઢોરની ટક્કર અકસ્માત સર્જાયો હતો. રસ્તા પર રખડતા ઢોરનો આતંક પુરો થવાનું નામ જ નથી લઈ રહ્યો. શહેરોમાં હજુ પણ ઠેર ઠેર રખડતા ઢોર જોવા મળી રહ્યા છે, જેના કારણે અકસ્માતો સર્જાવાની ઘટનાઓનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. જૂનાગઢના માંગરોળ નજીક કાર સાથે રખઢતા ઢોરની ટક્કર અકસ્માત સર્જાયો હતો.

જૂનાગઢ-માંગરોળ નજીક રાતના સમયે રખડતાં ઢોરને કારણે અકસ્માત સર્જાયો હતો. ઢોર રસ્તા પર હોવાથી કાર તેના સાથે ટકરાઈ હતી, ત્યાર બાદ ફંગાળોઈને કાર થાંભલા સાથે અથડાઈ હતી. આ સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ સામે આવ્યા છે. કારમાં સવાર ચાર લોકોનો આબાદ બચાવ થયો છે.

# અર્જુન ખાટરિયા સહિત ૪૦ આગેવાનો ભાજપમાં જોડાયા

। અમદાવાદ, તા.૧૬ ।

પૂર્વ વિરોધ પક્ષના નેતા અર્જુન ખાટરિયા ભાજપમાં જોડાયા છે. અર્જુન ખાટરિયા સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરોએ કેસરિયા કર્યા છે. ખાટરિયાની સાથે જિલ્લા પંચાયતના કોંગ્રેસના ૪ સભ્યો ભાજપમાં જોડાયા છે.

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ-AAPને ભાજપ આપ્યો ઝટકો આપ્યો છે. પૂર્વ વિરોધ પક્ષના નેતા અર્જુન ખાટરિયા ભાજપમાં જોડાયા છે.અર્જુન ખાટરિયા સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરોએ કેસરિયા કર્યા છે. ખાટરિયાની સાથે જિલ્લા પંચાયતના કોંગ્રેસના ૪ સભ્યો ભાજપમાં જોડાયા છે. તેમજ શારદા ધડુક, ગીતા સોમાણી, ગીતા ચાવડા, મીરા ભાલોડિયા કરશે પક્ષપલટો કર્યો છે. તેમજ લોધિકા, ઉપલેટા, વિછીંયા, ધોરાજીના ૨૫ જેટલા તાલુકા પંચાયતના સભ્યો ભાજપમાં જોડાયા છે. બીજી તરફ રાજકોટના ૧૫ સરપંચ અને ૧૫ સહકારી મંડળીના પ્રમુખો પણ ભાજપમાં જોડાયા છે.



# વડોદરામાં પોલીસ વાનમાં જ દારૂની બોટલ ખૂલી

। (એજન્સી) વડોદરા, તા.૧૬ ।

રાજ્યમાં ફરી એકવાર ખાખી કલંકીત થઈ છે. વડોદરાના મુંજ મહુડા હનુમાનજી મંદિર પાસે પોલીસ વાનમાં પોલીસ અધિકારીઓ જ દારૂ પાર્ટી કરતા હોવાનું સામે આવ્યું છે. પોલીસ વાનમાં જમાદાર સહિત ત્રણ શખ્સો દારૂની મહેફીલ માણતા ઝડપાયા છે. હેડ કોન્સ્ટેબલ દશરથસિંહ સરવૈયા સાથે અન્ય ૨ શખ્સો ઝડપાયાછે. અત્રેજણાવીએકે, જેપી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ દશરથસિંહ સરવૈયા ઝડપાયા છે. જાગૃત નાગરિકે પોલીસને જાણ કરતા સમગ્ર ભાંડો ફૂટ્યો છે. જાગૃત નાગરિકે પોલીસને જ જાણ કરતા ત્યાં પોલીસ અધિકારી તપાસમાં આવ્યા હતાં. જે લોકોની તપાસમાં કરતા ત્રણેય પીધેલા હોવાનું સામે આવ્યું છે. આ ત્રણેય વિરુદ્ધ જેપી પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે.







### મોરબીમાં પગારકાંડના મુખ્ય આરોપીના જામીન મંજૂર

। (એજન્સી) મોરબી, તા.૧૬ ।

મોરબીમાં યુવકને માર મારવા મામલે છેલ્લા એક મહિનાથી જેલમાં બંધ વિભૂતિ પટેલ ઉર્ફે રાણીબાએ જેલમાંથી મુક્ત થવા માટે મોરબી કોર્ટમાં વિભૂતિ પટેલ તેમજ અન્ય એક આરોપીએ જામીન અરજી કરતા કોર્ટે બે આરોપીઓનાં જામીન મંજૂર કર્યા હતા. પગાર માગવા આવેલા યુવાનને ૬ લોકોએ માર માર્યો હતો. આ સમગ્ર મામલે ૬ લોકો સામે પોલીસમાં ફરિયાદ થઈ હતી. કોણ છે રાણીબા રાણીબા ઈન્ડસ્ટ્રીઝના માલિક અને યુવા ઉદ્યોગસાહસિક વિભૂતિ પટેલ પર દલિત યુવકને માર મારવાનો આરોપ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨